RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 219* Date: 06.06.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૨.૨૬ લાખને પાર,મૃત્યુઆંક ૬૩૪૮એ પહોંચ્યો

# કોરોના બેફામ: ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૯,૮૫૧ કેસ, ૨૭૪ના મોત

### જો આ રફતારથી કેસો વધશે તો ટૂંક સમયમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૩ લાખને પાર થઈ જશે,સાજા થવાનો રિકવરી રેટ ૪૮.૨૭ ટકા થયો

*ન્યુ દિલ્હી,તા.૫*

ભારતમાં કોરોનાના કેસો જાણે કે રોજેરોજ નવા નવા વિક્રમો સ્થાપવા માંગતા હોય તેમ છેલ્લાં ૨૪ કલાકમાં ભારતમાં અત્યારસુધીમાં સૌથી વધારે ૯,૮૫૧ કેસો બહાર આવ્યાં છે. ઉપરાંત છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૨૭૪ દર્દીઓના મોત થયા છે. છેલ્લાં એક સપ્તાહથી કોરોના કેસો રોજ ૮ હજાર કરતાં વધારે બહાર આવી રહ્યાં છે. અને ૯,૮૫૧ કેસો તો સૌથી વધારે તરીકે પ્રસ્થાપિત થયા છે. કોરોના મહામારીથી અત્યાર સુધીમાં દેશમાં ૬,૩૪૮ લોકોના મોત થયા છે જે પૈકી ઊંચો મૃત્યુદર ધરાવતા ટોપ પાંચ રાજ્યોમાં મહારાષ્ટ્રમાં ૨,૭૧૦, ગુજરાતમાં ૧,૧૫૫, દિલ્હીમાં ૬૫૦, મધ્ય પ્રદેશમાં ૩૭૭ અને પશ્ચિમ બંગાળમાં ૩૫૫નો સમાવેશ થાય છે. તો બીજી તરફ કોરોનામાંથી સાજા થવાનો રિકવરી રેટ ૪૮.૨૭ ટકા રહ્યો છે. દેશમાં ત્રણ દિવસથી સતત ટેસ્ટિંગ વધ્યું, છે. ગઈકાલે સૌથી વધારે ૧ લાખ ૩૯ હજાર ૪૮૫ ટેસ્ટ કરાયા હતા.

૪ લોકડાઉન બાદ હવે અનલોક ૧ ઘાતક સાબિત થઈ રહ્યું હોય તેમ અનલોક-૧ના પહેલાં જ દિવસથી કેસોમાં વધારો થઈ રહ્યો છે. ૮ જૂનથી મંદિરો-જીમ-મોલ વગેરે. ખુલશે ત્યારે કેસો વધવાની શક્યતા જોવામાં આવી રહી છે. ભારતે કોરોનાની સાથે જ જવવુ પડશે એમ સરકારે કહ્યું છે ત્યારે કોરોનાન વાઈરસ વધુને વધુ લોકોમાં સંક્રમિત થઈ રહ્યો હોવાનું મનાઈ રહ્યું છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં જ રેકોર્ડ ૯,૮૫૧ કેસો નોંધાયા છે અને કુલ કોરોના પોઝિટિવ દર્દીઓનો આંક ૨,૨૬,૭૭૦ને પાર કરી ગયો છે. આ ઉપરાંત એક જ દિવસમાં ૨૭૩ લોકોના મોત થતા કુલ મૃતકો સંખ્યા ૬,૩૪૮ રહી હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે. દેશમાંથી અત્યાર




સુધીમાં ૧,૦૯,૪૬૧ દર્દીઓ કોરોનાને મ્હાત આપીને ડિસ્ચાર્જ થયા છે જેને પગલે કુલ એક્ટિવ કેસ ૧,૧૦,૯૬૦ છે. આ પ્રમાણે કોરોનામાંથી સાજા થવાનો રિકવરી રેટ ૪૮.૨૭ ટકા રહ્યો છે. નિષ્ણાતોના મતે કોરોના આ જ ઝડપથી વધતો રહેશે તો બે દિવસમાં ભારત કોરોનાના કેસોની બાબતે ઈટાલી કરતા આગળ નિકળી શકે છે. ઈટાલીની તુલનાએ ભારતમાં ફેટાલિટીનો દર ઘણો સારો છે. ભારતમાં અત્યાર સુધીમાં ઈટાલીની તુલનાએ પાંચ ગણા ઓછા મૃત્યુ થયા છે.

દેશમાં ૨૪ કલાકમાં ૨૭૩ લોકોના મોત થયા છે જેમાં મહારાષ્ટ્રમાં ૧૨૩, દિલ્હીમાં ૪૪, ગુજરાતમાં ૩૩, ઉત્તર પ્રદેશમાં ૧૬, તમિલનાડુમાં ૧૨, પશ્ચિમ બંગાળમાં ૧૦, તેલંગાણા અને મધ્ય પ્રદેશમાં ૬-૬, કર્ણાટક, બિહાર તેમજ રાજસ્થાનમાં ૪-૪ ઉપરાંત આંધ્ર પ્રદેશ અને કેરળમાં ૩-૩ના મોત થયા છે. ઉત્તરખંડમાં બે તેમજ જમ્મુ-કાશ્મીર, હરિયાણા તેમજ ઝારખંડમાં એક-એક દર્દીઓના મોત થયા છે.

કોરોના મહામારીથી અત્યાર સુધીમાં દેશમાં ૬,૩૪૮ લોકોના મોત થયા છે જે પૈકી ઊંચો મૃત્યુદર ધરાવતા ટોપ પાંચ રાજ્યોમાં મહારાષ્ટ્રમાં ૨,૭૧૦, ગુજરાતમાં ૧,૧૫૫, દિલ્હીમાં ૬૫૦, મધ્ય પ્રદેશમાં ૩૭૭ અને પશ્ચિમ બંગાળમાં ૩૫૫નો સમાવેશ થાય છે.

દેશમાં કોરોનાવાઈરસથી સંક્રમિતોની સંખ્યા ૨ લાખ ૨૭ હજાર ૦૨૯ થઈ ગઈ છે. અને ૬,૩૬૩ લોકોએ કોરોનાના લીધે જીવ ગુમાવ્યા છે. સાથે જ ૧,૦૮,૪૫૦ લોકો સારવાર બાદ સાજા થયા છે. મહારાષ્ટ્રમાં સંક્રમિતોનો આંકડો ૭૭ હજારને પાર થઈ ગયો છે. અહીંયા ૨,૭૧૦ લોકોના મોત થયા છે. તમિલનાડુ ૨૭,૨૫૬ દર્દીઓ સાથે બીજા ક્રમે છે. અહીંયા ૨૨૩ લોકોના મોત થયા છે. આ ઉપરાંત મધ્યપ્રદેશ કોરોના દર્દીઓના મામલામાં છઠ્ઠા ક્રમેથી સાતમા ક્રમે આવી ગયું છે.ગુરુવારે એક દિવસમાં સૌથી વધારે ૯૮૩૮ નવા કેસ સામે આવ્યા હતા. આ પહેલા બુધવારે પણ ૯૬૩૮ દર્દી મળ્યા હતા. મહારાષ્ટ્રમાં દર્દીઓની સંખ્યા ૭૭ હજાર, તમિલનાડુમાં ૨૭ હજાર અને દિલ્હીમાં ૨૫ હજારને પાર પહોંચી ગઈ છે.

દેશમાં મધ્યપ્રદેશ સંક્રમિતોના મામલે છઠ્ઠા ક્રમેથી સાતમા ક્રમે આવી ગયું છે. પહેલા મહારાષ્ટ્ર, તમિલનાડુ, દિલ્હી, ગુજરાત, રાજસ્થાન અને મધ્યપરદેશ આગળ હતા. પરંતુ છેલ્લા ઘણા દિવસોમાં ઉત્તરપ્રદેશમાં સંક્રમિતોની સંખ્યામાં વધારો થયો છે. તેને મધ્યપ્રદેશને પણ પાછળ મુકી દીધું છે. તો બીજી બાજું મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે, સમગ્ર દેશની સરખામણીમાં મધ્યપ્રદેશમાં લગભગ ૨% નવા સંક્રમિત મળી આવ્યા છે, જ્યારે પહેલા આ ૮ ટકા સુધી હતા. રાજ્યનો રિકવરી રેટ ૬૪.૩% થઈ ગયો છે, જ્યારે ૪૭.૯% છે.

### સુપ્રીમ કોર્ટનો કેન્દ્ર અને રાજ્યોને નિર્દેશ

## ૧૫ દિવસમાં તમામ પ્રવાસી શ્રમિકને તેના ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે

ન્યુ દિલ્હી,તા.૫

પ્રવાસી મજૂરોના મામલે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે અમે દરેક પ્રવાસીઓને ઘરે પહોંચાડવા માટે ૧૫ દિવસનો સમય આપીશું. દરેક રાજ્યોને રેકોર્ડ પર લાવવાનું છે કે તેઓ કેવી રીતે રોજગાર અને અન્ય પ્રકારની રાહત આપશે. પ્રવાસીઓનું રજીસ્ટ્રેશન પણ થવું જોઈએ.



સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે અત્યારે લગભગ ૧ કરોડ મજૂરોને ઘરે પહોંચાડવામા આવ્યા છે. રોડ દ્વારા ૪૧ લાખ અને ટ્રેનથી ૫૭ લાખ પ્રવાસીઓને ઘરે પહોંચાડ્યા છે. કોર્ટમાં આંકડા રજૂ કરતાં તુષાર મહેતાએ કહ્યું કે મોટાભાગની ટ્રેન ઉત્તરપ્રદેશ અને બિહાર માટે ચલાવવામા આવી હતી.

સોલિસિટર જનરલે કહ્યું કે અત્યાર સુધી ૪૨૭૦ શ્રમિક ટ્રેનોનું સંચાલન થયું છે. અમે રાજ્ય સરકારોના સંપર્કમા છીએ. માત્ર રાજ્ય સરકાર જ હવે કોર્ટને જણાવી શકે છે કે કેટલા પ્રવાસીઓને હજુ ઘરે પહોંચાડવાના છે અને કેટલી ટ્રેનોની જરૂરિયાત રહેશે. રાજ્યોએ એક ચાર્ટ તૈયાર કર્યો છે કારણ કે આવુ કરવા માટે તેઓ સારી સ્થિતિમા હતા.

ચાર્ટ જોયા બાદ સુપ્રીમ કોર્ટે કહ્યું કે તમારા ચાર્ટ પ્રમાણે મહારાષ્ટ્રે માત્ર એક ટ્રેન માટે કહ્યું છે. તેના જવાબમાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે મહારાષ્ટ્રથી અમે પહેલાજ ૮૦૨ ટ્રેન ચલાવી છે. હવે માત્ર એક જ ટ્રેન માટે અરજી છે. પછી બેન્ચે પૂછ્યું કે શું તેનો અર્થ અમને એ કાઢવો જોઈએ કે હવે કોઈ વ્યક્તિ મહારાષ્ટ્ર નહીં જાય ?

મહેતાએ કહ્યું કે જો કોઈ રાજ્ય કોઈ પણ સંખ્યામાં ટ્રેન માટે માંગણી કરે તો કેન્દ્ર સરકાર ૨૪ કલાકની અંદર મદદ કરશે. તેના પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે દરેક રાજ્યોને તેમની માંગ રેલવેને સોંપવા માટે કહીશું.

### સરકારની આવક ઘટતા નવી યોજનાઓ શરૂ કરવા ઉપર લગાવી બ્રેક

## કોરોના ઈફેક્ટ: નાણાંકિય ખેંચના કારણે કેન્દ્રની નવી યોજનાઓ પર બ્રેક

ન્યુ દિલ્હી,તા.૫

કોરોના સંકટ અને ૬૦ દિવસ કરતાં વધારે સમય સુધીના ૪-૪-લોકડાઉનને કારણે કેન્દ્ર સરકારની ઘટતી જતી આવક અને વધતા ખર્ચાને કારણે હવે તેની અસર નવી યોજનાઓ ઉપર પડવા લાગી છે. કેન્દ્ર સરકારે અનેક નવી યોજનાઓ શરૂ કરવા પર પ્રતિબંધ મુકી દીધો છે. નાણા મંત્રાલયે વિવિધ મંત્રાલયો અને વિભાગો દ્વારા આવતા ૯ મહિના એટલે કે માર્ચ ૨૦૨૧ સુધી સ્વીકૃત અનેક યોજનાઓ શરૂ કરવા પર પ્રતિબંધ મુકી દીધો છે.

નાણા મંત્રાલયે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે કોઈ નવી યોજનાઓ શરૂ નહી કરવા નિર્ણય લીધો છે. આ પ્રતિબંધ એવી યોજના પર છે જે સ્વીકૃત કે મૂલ્યાંકનની શ્રેણીમાં હોય. આ આદેશ એવી યોજના પર પણ લાગુ થશે જેને માટે નાણા મંત્રાલયના ખર્ચ વિભાગે સૈદ્ધાંતિક રીતે મંજુરી પણ આપી હોય.

જો કે આત્મનિર્ભર ભારત અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાઓ પર કોઈ પ્રતિબંધ નહિ રહે. સરકાર દ્વારા જારી આદેશમાં જણાવાયુ છે કે વિવિધ મંત્રાલય નવી યોજનાઓની શરૂઆત ન કરે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ

### કોરોના સંકટ વચ્ચે નાણા મંત્રાલયે નવી યોજનાઓ શરૂ કરવા ઉપર ૯ મહિના માટે પ્રતિબંધ મુક્યો,

યોજના કે આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ જાહેર યોજનાઓ ઉપર જ ધ્યાન કેન્દ્રીત કરે.નાણા મંત્રાલયના ખર્ચ વિભાગ તરફથી ગઈકાલે જારી આદેશમાં જણાવાયુ છે કે કોરોના મહામારીને કારણે સાર્વજનિક નાણાકીય સંશાધનો ઉપર અભૂતપૂર્વ ડિમાન્ડ છે અને સંશાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની જરૂર છે ઉભરતી અને બદલાતી પ્રાથમિકતાઓ સાથે. આ આદેશમાં જણાવાયુ છે કે સ્થાયી નાણાકીય સમિતિ પ્રસ્તાવો (૫૦૦ કરોડથી ઉપરની યોજના) સહિત નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં પહેલેથી જ સ્વીકૃત કે અનુમોદીત નવી યોજનાઓની શરૂઆત ૧ વર્ષ સુધી પેન્ડીંગ રહેશે.સૂત્રોએ કહ્યું કે, માર્ચ ૨૦૨૧ સુધી કે હવે પછીના આદેશ સુધી તે અમલી રહેશે. કોરોના સંકટના કારણે નાણા મંત્રાલયે આ મહત્વનો નિર્ણય લીધો છે કારણ કે સરકાર પાસે હવે પૈસા નથી. મળતા અહેવાલો મુજબ એપ્રિલ ૨૦૨૦ દરમિયાન ૨૭૫૪૮ કરોડ રૂપિયાની આવક મળી જે બજેટ અનુમાનના ૧.૨ ટકા હતી. જ્યારે સરકારે ૩.૦૭ લાખ કરોડનો ખર્ચ કર્યો જે બજેટ અનુમાનના ૧૦ ટકા હતો. તાજેતરમાં સરકારે કહ્યુ હતુ કે તે બજારમાંથી ૪.૨ લાખ કરોડને બદલે ૧૨ લાખ કરોડ રૂપિયા લેશે.

## સપ્તાહના અંતે સેન્સેક્સ ૩૦૬ અંક વધી ૩૪,૨૮૭ની સપાટીએ




મુંબઈ,તા.૫

દિવસના અંતે સેન્સેક્સ ૩૦૬.૫૪ પોઈન્ટ અથવા ૦.૯૦% વધીને ૩૪૨૮૭.૨૪ પર પહોંચ્યો અને નિફ્ટી ૧૧૩.૧૦ પોઈન્ટ અથવા ૧.૧૩% વધીને ૧૦૧૪૨.૨૦ પર બંધ રહ્યો હતો. આશરે ૨૦૨૮ શેરો આગળ વધ્યા છે, ૫૦૫ શેરો ઘટ્યા છે, અને ૧૩૧ શેરો યથાવત છે.

નિફ્ટીમાં ટાટા મોટર્સ, ભારતી ઈન્ફ્રાટેલ, એસબીઆઈ, ટાટા સ્ટીલ અને હિંડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ ટોપ ગેઈનર હતા, જ્યારે ટીસીએસ, એચયુએલ, સિપ્લા, બજાજ ઓટો અને ઈન્ફોસીસના શેરમાં ઘટાડો થયો હતો.ઉલ્લેખનીય છે કે સવારે શેરબજારમાં ગઈકાલના કડાકા પછી આજે સેન્સેક્સ અને નિફ્ટીમાં ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સમાં આશરે ૨૯૦ પોઈન્ટનો ઉછાળો જોવા મળી રહ્યો હતો. દિગ્ગજ શેરોની સાથે મિડકેપ શેરોમાં પણ તેજી જોવા મળી રહી હતી. સવારે બીએસઈનો મિડકેપ ઈન્ડેક્સ ૦.૭૧ ટકાના સ્તરે કારોબાર કરી રહ્યો હતો.સ્મોલકેપ શેરોમાં પણ ખરીદી જોવા મળી રહી હતી.

## કેરળમાં એક ગર્ભવતી હાથણીની હત્યાના આરોપસર એકની ધરપકડ

થ્રિસ્સૂર,તા.૫

કેરળમાં એક ગર્ભવતી હાથણીના દર્દનાક હત્યાનો મામલો સમગ્ર દેશમાં ચર્ચાનો વિષય બની ગયો છે. આ કેસમાં પોલીસ દ્વારા એક વ્યક્તિની ધરપકડ કરી લેવામાં આવી છે. કેરળ વન વિભાગે ટ્વિટ કરીને જણાવ્યું કે, ‘કેરળ વન વિભાગે હાથણીની હત્યાના કેસમાં એક વ્યક્તિની ધરપકડ કરી છે.‘ આ ઘટનાને સમગ્ર દેશવાસીઓએ વખોડી કાઢી હતી..

કેરળ વન વિભાગના સૂત્રોએ ગુરૂવારના રોજ જણાવ્યું હતું કે ૧૫ વર્ષીય હાથણીને કેટલાક લોકોએ ફટાકડા ભરેલું અનાનસ ખવડાવ્યું હતું જેના કારણે તેનું મોત નિપજ્યું હતું. હાથણીના મોતની ઘટનાના મામલે ત્રણ સંદિગ્ધોની પૂછપરછ કરવામાં આવી રહી છે તેમજ અન્ય બે સંદિગ્ધોની શોધખોળ થઈ રહી છે. પોલીસ અને વન વિભાગ સંયુક્ત રીતે આ ઘટનાની તપાસ કરી રહ્યા છે.જિલ્લા પોલીસ પ્રમુખ અને જિલ્લા વન અધિકારીએ ગુરૂવારના રોજ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. તે દરમિયાન તેઓએ કહ્યું હતું કે અમે દોષિતોને સજા આપવા માટે શક્ય તમામ પ્રયત્નો કરીશું. આ અગાઉ વન વિભાગે ટ્વીટ કરીને કહ્યું હતું કે, હાથણીના શિકારના કેસમાં કેટલાક સંદિગ્ધોની પૂછપરછ થઈ રહી છે. આ મામલે એસઆઈટીની ટીમને મહત્વના પુરાવાઓ મળ્યા છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૫૧૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૯૧૧૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૩૫**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૪૪**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૩૦૧૧**

## કોરોનાની હાલ કોઈ વેક્સીન નથી, સૌએ સાથે મળીને બનાવવી પડશે:યુએન

યુએન,તા.૫

યુનાઈટેડ નેશન્સના જનરલ સેક્રેટરી એન્ટોનિયો ગુટેરસે કહ્યુ છે કે કોવિડ-૧૯ની અત્યાર સુધીમાં કોઈ વેક્સીન નથી. એ સમજવાની જરૂરિયાત છે કે આપણે તેને ભેગા મળીને બનાવવી પડશે. તેમણે કહ્યું કે વેક્સીન બની જાય એટલું પુરતુ નથી. તેને દરેક વ્યક્તિ અને દરેક જગ્યાએ પહોંચાડવા માટે વૈશ્વિક એકતા બતાવવી પડશે.

ગુટેરસે ગત મહીને પણ ચેતવણી આપતા કહ્યું હતું કે કોરોના મહામારીથી સર્જાયેલા સંકટના કારણે વિશ્વભરમાં મહામંદી આવવાની છે. વિશ્વમાં ભુખમરો અને દુષ્કાળ જેવી સ્થિતિ પેદા થઈ શકે છે. એવામાં એક જ ઉપાય છે કે તમામ દેશો મળીને આ સમસ્યાનું સમાધાન શોધે.વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ગત મહિને કહ્યું હતું કે કોરોના માટે ૮ વેકસી પર કામ ચાલી રહ્યું છે. સંગઠનના પ્રમુખ ડો.ટેડ્રોસ ગ્રેબયેસસે જણાવ્યું કે છેલ્લા બે મહિનાથી એવું વિચારવામાં આવી રહ્યું હતું કે વેક્સીન બનાવતા ૧ વર્ષથી ૧૮ મહિના લાગશે. જોકે હવે આ કામને ગતિ અપાઈ રહી છે. એક સપ્તાહ પહેલા વિશ્વના ૪૦ દેશોના નેતાઓએ તેના માટે ૮ અબજ ડોલર(લગભગ ૪૮ હજાર કરોડ રૂપિયા)ની મદદ કરી છે, જોકે આ આર્થિક મદદ આ કામ માટે ઓછી પડશે.

## તંત્રી સ્થાનેથી...

# પાણી પહેલા પાળ ન બાંધવાની ભૂલ ઉત્પાદન એકમોને નડશે કે શું......?

કોરોના વિશ્વભરમાં અટકવાનું નામ લેતો નથી. ભારતમાં અનલોક-૧ના અમલ પછી કોરોના સંક્રમિતોની સંખ્યા ૨,૧૭,૪૦૦ ને પાર થઈ ગઈ છે અને મૃતાક ૬૩૦૦ ની નજીક પહોંચી ગયો છે. પરંતુ નોંધનીય ગંભીર બાબત એ બની છે કે અનલોકના ચોથા દિવસે ૮ હજારથી વધુ કેસ નોંધાયા છે. અને મૃતાક ૨૨૭ થયો છે. આ બધી બાબતો વચ્ચે કોરોના હવે શ્રમજીવીઓ દ્વારા ગામડાઓ સુધી પહોંચી ગયો છે.. જેના કારણે કોરોના દર્દીઓની સંખ્યા વધતી જશે.... પરિણામે દેશમાં કદાચ હોસ્પિટલોની સંખ્યા પણ ઓછી પડી શકે છે.....એટલે રાજ્ય સરકારોએ કામ ચલાઉ હોસ્પિટલો ઉભી કરવી પડશે.....! તો જ કોરોના સંક્રમિત લોકોની મેડિકલ સારવારને પહોંચી શકાશે. જો કે નિષ્ણાતોએ કોરોના દર્દીઓની સંખ્યા મોટા પ્રમાણમાં વધી જવાની શંકા વ્યક્ત કરી છે. તેના કારણમાં ઓછા ટેસ્ટ ઓછા થાય છે, તો લોકોની પણ મોટી ભૂલ છે કે ડિસ્ટન્સ જાળવતા નથી. ત્યારે હવે એક વાત નિશ્ચિત છે કે લોકોને જાગૃતિ, નિયમોનું ચુસ્તપણે પાલન કરવું અતિ આવશ્યક છે..... ત્યારે હવે બહાર આવતી વિગતો અનુસાર ગોવા અને કેરળ સિવાયના મોટાભાગના રાજયોએ પર પ્રાન્તિઓની આવશ્યક સહાય કરવામા મોટી ઊણપ રહી ગઈ.... તો જ્યાં કામકાજ કરતા હતા તેના માલિકોએ કે કોન્ટ્રાકટરોએ શ્રમજીવીઓને પગાર કે તેમના પૈસા ન આપ્યા કે અનાજ સહીત કોઈ સહાય-વ્યવસ્થા ન કરી..... અને આ કારણે પર પ્રાન્તિઓએ વતનની વાટ પકડી લીધી અને વતન પહોંચેલા અનેકો કહે છે કે વતનમા સુકો રોટલો મળે એટલે ઘણું.... હવે તો કમાવા માટે અન્ય રાજ્યોમાં જઈશું નહીં...... અને સરકાર કે માલિકોની ભૂલ હવે તેમના ઉદ્યોગ,કારખાના, ધંધામાં કેવી નડી રહી છે તેનો અનુભવ કરી રહ્યા છે.....! ઉદ્યોગો, કારખાના, ધંધાના સ્થળો ખુલી ગયા છે પણ તેમાં મહેનત- મજૂરી કરતા કામદારો નો અભાવ છે....તેમા પણ વધુમાં વધુ અસર વિવિધ ટેક્ષ્ટાઈલ ઉત્પાદનો અને તૈયાર કપડા ઉત્પાદન કરતા તમામ નાના મોટા એકમો પર દેખાઈ આવે છે. નાના મોટા કારખાના કે એકમો ખુલ્યા છે પરંતુ તે પૈકીના મોટી સંખ્યામાં બંધ છે....! મશીન ચલાવનાર કે ફેરવનારાજ નથી.... કારણ મોટાભાગના પરપ્રાન્તિઓ અગત્યના ઉત્પાદન સ્થાનો ઉપર હતા એટલે હવે માર્કેટમાં જોઈતી ઝડપે તેજી નહી આવી શકે તેવી શક્યતા વધી પડી છે......!

દેશમાં એક તરફ મહામારી વરવુ રૂપ ધારણ કરવા તરફ આગળ વધી રહી છે ત્યારે રાજ્યસભા બેઠકો માટેની ચૂંટણી જાહેર થઈ અને ગુજરાતમાં લોકો કોરોનાથી પીડાઈ રહ્યા છે જ્યારે રાજકારણીઓની સત્તા માટેની રમતો શરૂ થઈ ગયેલ છે.....! ધારાસભ્ય ખરીદી-વેચાણ નું બજાર ખુલી ગયું છે....! જેમાં કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોએ વિધાનસભા સભ્ય પદેથી રાજીનામા આપી દીધા છે એટલે હવે એવી સ્થિતિ બની ગઈ છે કે ભાજપા અને કોંગ્રેસ રાજ્યસભાની બે- બે બેઠકો જીતી શકે... તેમાં કોંગ્રેસના ત્રણ ધારાસભ્યો પંક્ચર પાડી દીધું છે જેના કારણે હવે ભાજપા રાજ્યસભાની ત્રણ બેઠકો જીતી જશે.. જ્યારે કોંગ્રેસે એક બેઠકથી સંતોષ માનવો પડશે.... ત્યારે બીજી તરફ શંકરસિંહ વાઘેલાએ દારૂબંધી હટાવવા માટે જે સિંહ જેવી ત્રાડ પાડી છે તેને રાજ્યભરમા બહુમત લોકોએ સ્વીકારી લીધી છે. પરંતુ શંકરસિહની જાહેર માગને કારણે ભાજપા, કોંગ્રેસમાં ભારે અજંપો ફરી વળ્યો છે અને પોલીસ તંત્રમાં પણ એ જ હાલત બની ગઈ છે.....! જોકે રાજકીય પંડિતોની ચર્ચા અનુસાર જો દારૂબંધી હટાવી દેવામાં આવે તો રાજ્યને મોટામાં મોટી આવક ઊભી થઈ જાય, રાજ્યમાં દારૂ ઉત્પાદન કરવા માટે ફેક્ટરીઓ પણ ઊભી થઈ જાય. પરંતુ રાજકારણીઓ માટે કેટલાક દરવાજા બંધ થઈ જાય....! ત્યારે પોલીસ તંત્ર માથેથી મોટામાં મોટો બોજો દૂર થતાં અન્ય ગુનાઓ તરફ વિશેષ ધ્યાન આપી શકશે.... તેમજ પોલીસ ભરતીમાં ઘસારો ઘટી જઈ શકે...! છતાંય જો ભાજપા લાભ ઊઠાવવા સરકાર દારૂબંધી કરવા માટે એકશનમાં આવે તો જશ તો બાપુને જ મળે તેવી સ્થિતિ બની રહી છે. બાપુએ હવે જે ઘોડો પલાણ્યો છે તે ખરેખર ગુજરાત ભરમા ફરી વળે તેમ છે. તો ભાજપાના લોકસભા ચૂંટણી સમયે ૧૫ લાખ ખાતામાં આવી જવાની વાત કરી હતી તે વાતને પણ મુદ્દો બનાવ્યો છે.,તો લોકોને લોન નહીં પરંતુ માફીની-રાહતોની જરૂર છે તેમાં પણ ગરીબ, મજૂર, શ્રમજીવી વર્ગ,મધ્યમ વર્ગ અને ખેડૂતોને સીધી રાહતો-સહાય આપવાની વાત કરી છે.જેના બહુ જ સારા માં સારા પ્રત્યાઘાત પડયા છે અને શંકરસિંહ રાજ્ય ભરમાં છવાઈ ગયા છે તે એક હકીકત છે.... ત્યારે ભાજપા- કોંગ્રેસે હવે પ્રજા પ્રિય ઠોસ નીતિ અપનાવી રહી......! વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૬/૦૬/૨૦૨૦, શનિવાર, જેઠ વદ-૧
સૂર્યોદય-૬-૦૩, સૂર્યાસ્ત-૭-૨૭, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ અનુરાધા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૬-૦૩ થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૫ સુધી, ૧૨-૪૬થી શુભ-૧૪-૨૬ સુધી, ૧૭-૪૭થી ચલ-૧૯-૨૮ સુધી, ૨૨-૦૭ સુધી લાભ-૨૩-૨૩ સુધી

**- શુભ હોરા-**

૬-૦૩ થી ૯-૨૪ સુધી, ૧૦-૩૨થી ૧૧-૩૯ સુધી, ૧૩-૫૩ થી ૧૭-૧૪ સુધી, ૧૮-૨૧ થી ૧૯-૨૮ સુધી

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૦૩ અને ચાંદીમાં રૂ.૨૫૩નો સાપ્તાહિક ધોરણે સુધારો

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના સૌથી મોટા એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૨૯ મેથી ૪ જૂનના સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં કુલ રૂ.૧,૩૯,૧૬૯.૭૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૩ અને ચાંદીમાં કિલોદીઠ રૂ.૨૫૩નો સુધારો થયો હતો. તમામ બિનલોહ ધાતુઓ પણ વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં તેજીનો માહોલ હતો, જ્યારે નેચરલ ગેસ ઘટીને બંધ થયું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ, મેન્થા તેલમાં ઉછાળા સામે એલચીમાં બેતરફી વધઘટ હતી.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૬૪૬ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૭,૨૯૮ અને નીચામાં રૂ.૪૫,૬૭૩ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૪૬,૪૯૩ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૨૦૩ (૦.૪૪ ટકા)ના સુધારા સાથે રૂ.૪૬,૬૯૬ના સ્તરે બંધ થયો હતો.

ગોલ્ડ-ગિનીનો જૂન વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૭,૭૩૩ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૩ (૦.૦૬ ટકા) વધી રૂ.૩૭,૬૯૪ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૩૮,૨૭૪ અને નીચામાં રૂ.૩૭,૧૩૫ બોલાયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જૂન વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૭૦૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬ (૦.૧૩ ટકા) ઘટી બંધમાં રૂ.૪,૭૦૫ના ભાવ થયા હતા. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪,૭૫૫ અને નીચામાં રૂ.૪,૬૨૦ બોલાયો હતો.

સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૫૨૩ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૭,૨૧૫ અને નીચામાં રૂ.૪૫,૭૦૧ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૧૮૫ (૦.૪૦ ટકા)ની વૃદ્ધિ સાથે બંધમાં રૂ.૪૬,૬૪૮ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૪૮,૭૧૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૧,૨૩૫ અને નીચામાં રૂ.૪૭,૭૩૦ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૪૮,૫૫૮ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૨૫૩ (૦.૫૨ ટકા)ની તેજી સાથે રૂ.૪૮,૮૧૧ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-મિની જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૮,૯૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૧,૪૦૦ અને નીચામાં રૂ.૪૮,૧૭૫ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૪૮,૯૨૫ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૩૧૭ (૦.૬૫ ટકા)ની ભાવવૃદ્ધિ સાથે રૂ.૪૯,૨૪૨ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-માઈક્રો જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૮,૯૯૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૫૧,૪૫૦ અને નીચામાં રૂ.૪૮,૨૨૮ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૨૩૦ (૦.૪૭ ટકા) વધી બંધમાં રૂ.૪૯,૨૫૩ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૧૩.૨૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭.૯૦ (૧.૯૦ ટકા) વધી રૂ.૪૨૩.૬૫ બંધ થયો હતો, જ્યારે નિકલનો જૂન વાયદો કિલોદીઠ રૂ.૯૨૭.૯૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૧.૯૦ (૩.૪૩ ટકા) વધી બંધમાં રૂ.૯૬૨.૩૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો જૂન વાયદો કિલોદીઠ રૂ.૧૩૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧.૮૦ (૧.૩૬ ટકા) વધી રૂ.૧૩૩.૮૦ના સ્તરે રહ્યો હતો. સીસું જૂન વાયદો રૂ.૧૩૨.૧૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૪ (૩.૦૨ ટકા) વધી રૂ.૧૩૬.૩૦ અને જસત જૂન વાયદો રૂ.૧૫૭.૩૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩.૫૦ (૨.૨૨ ટકા) વધી રૂ.૧૬૧.૪૫ના સ્તરે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જૂન વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૨,૫૨૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨,૮૭૮ અને નીચામાં રૂ.૨,૪૫૦ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૨૩૫ (૯.૧૦ ટકા)ની વૃદ્ધિ સાથે બંધમાં રૂ.૨,૮૧૭ના ભાવ થયા હતા, જ્યારે નેચરલ ગેસનો જૂન વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૩૯.૪૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧.૯૦ (૧.૩૬ ટકા) ઘટી રૂ.૧૩૮ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૧૪૧.૪૦ અને નીચામાં રૂ.૧૩૨.૫૦ બોલાયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના વાયદાઓમાં ગાંસડીદીઠ રૂ.૩૧૦થી રૂ.૩૩૦ની રેન્જમાં વૃદ્ધિ થઈ હતી. કોટનનો જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૫,૭૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૬,૩૪૦ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૧૫,૮૮૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૩૩૦ (૨.૦૮ ટકા)ના ભાવવધારા સાથે રૂ.૧૬,૨૧૦ના સ્તરે બંધ થયો હતો.

કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૯૭૫.૫૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૦૧૭.૫૦ અને નીચામાં રૂ.૯૭૪.૫૦ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૯૮૩ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૩૧ (૩.૧૫ ટકા) વધી રૂ.૧,૦૧૪ના સ્તરે બંધ થયો હતો.

ક્રૂડ પામતેલ (સીપીઓ)ના ત્રણેય વાયદા ૧૦ કિલોદીઠ રૂ.૨૨.૯૦થી રૂ.૨૮.૨૦ જેટલા વધ્યા હતા. સીપીઓનો જૂન વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૬૩૧ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૨.૯૦ (૩.૬૩ ટકા) વધી રૂ.૬૫૩.૭૦ બંધ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૬૭૦ અને નીચામાં રૂ.૬૨૯.૪૦ બોલાયો હતો.

એલચીના વાયદાઓમાં જૂન વાયદો કિલોદીઠ રૂ.૧,૫૭૦ ખૂલી, સપ્તાહના અંતે આ વાયદો રૂ.૩૦ (૧.૮૮ ટકા) ઘટી રૂ.૧,૫૭૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે જુલાઈ વાયદો રૂ.૧,૫૦૩ ખૂલી, સપ્તાહના અંતે ૫૦ પૈસા (૦.૦૩ ટકા) સુધરી બંધમાં રૂ.૧,૫૦૪ના ભાવ થયા હતા.

મેન્થા તેલનો જૂન વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧,૦૬૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૧૧૧ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૪૩.૩૦ (૪.૦૯ ટકા) વધી બંધમાં રૂ.૧,૧૦૨.૭૦ના ભાવ થયા હતા.

# શેરબજાર દિશા વિહીન : સામાન્ય રોકાણકાર અવઢવમાં

નૈમિષ ત્રિવેદી

વૈશ્વિક આર્થિક સ્લો ડાઉન અને ઘરઆંગણે આર્થિક મંદીનાં માહોલ વચ્ચે પણ ઘણા સમયથી વિલંબિત એવા કોર્પોરેટ ટેક્સમાં ઐતિહાસિક ઘટાડો અને અંદાજપત્રમાં ઉદ્યોગો માટે પ્રોત્સાહક જોગવાઈઓના આશાવાદ વચ્ચે ૨૦ જાન્યુઆરી, ૨૦૨૦નાં રોજ સેન્સેકસ ૪૨૨૭૩.૮૭ અને નિફ્ટી ૧૨૪૩૦.૫૦ ની ઐતિહાસિક સપાટીને સ્પર્શ્યો હતો અને સેન્સેક્સ અને નિફ્ટીમાં સમાવિષ્ટ ઘણી કંપનીઓના ભાવ લાઈફટાઈમ હાઈ સપાટી પર ટ્રેડ થઈ રહ્યા હતાં.

આમ અનેક આર્થિક પડકારો અને સમસ્યાઓ વચ્ચે ભારતીય અર્થતંત્ર ઉભરવાનો પ્રયાસ કરી રહ્યું હતું ત્યારે જ કોરોના રોગના મહાસંકટે ભયંકર મંદીનો ભરડો કસી દીધો હતો. 'શેરબજાર એ અર્થતંત્રની પારાશીશી છે' તેથી અર્થતંત્રની અસર શેરબજાર પર પ્રતિબિંબિત થાય તે સ્વાભાવિક છે.

આ દરમ્યાન યસ બેન્કનો ફિયાસ્કો અને કોરોના મહામારીના મરણતોલ ફટકાએ ભારતીય શેરબજારમાં ખાનાખરાબી સર્જી હતી. આર્થિક મોરચે નકારાત્મક કારણોની ભરમાર વચ્ચે તા. ૧૨ માર્ચ, ૨૦૨૦નાં રોજ ભારતીય શેરબજારમાં સૌથી મોટો ઐતિહાસિક કડાકો જોવા મળ્યો હતો અને બજાર ખુલતાની સાથે થોડીક મિનિટમાં જ સેન્સેક્સમાં લગભગ ૩૯૦૦ અને પોઈન્ટનું, તો બીજી તરફ નિફ્ટી ૫૦ ઈંડેક્સમાં લગભગ ૧૧૦૦ પોઈન્ટનું ગાબડું પડતાં ૧૦ ટકાના ઘટાડા સાથે લોઅર સર્કિટ લાગતાં ટ્રેડિંગ ૪૫ મિનિટ માટે સ્થગિત કરવું પડ્યું હતું.આ દરમ્યાન કોરોના મહરોગને કાબૂમાં રાખવા અને પ્રસરતો અટકાવવા વડાપ્રધાન મોદીએ પ્રથમ જનતા કરફ્યુ અને ૨૫ માર્ચથી સમગ્ર દેશમાં સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરતાં દેશભરમાં છેલ્લાં બે માસથી તમામ આર્થિક ગતિવિધિઓ લગભગ થંભી ગઈ છે અને અર્થતંત્ર કારમી મંદીમાં સપડાયું છે. તાજેતરમાં જ ૨૦૨૦નાં જાન્યુઆરીથી માર્ચના કવાર્ટરના જીડીપીના આંકડા ખૂબ જ નિરાશાજનક આવ્યા છે, જે અર્થતંત્ર અને શેરબજાર માટે ખૂબ જ ચિંતાજનક એંધાણ છે.

આ વિપરીત સંજોગોમાં અર્થતંત્રની ગાડી પાટે ચડાવવા માટે નાણાં મંત્રાલય અને આર બી આઈ દ્વારા અર્થવ્યવસ્થામાં જાન ફૂકવા શ્રેણીબદ્ધ પગલાં લેતાં નાણામંત્રીએ ૨૦ લાખ કરોડનાં માતબર રાહત પેકેજની તથા રિઝર્વ બેન્કે રેપોરેટમાં ૦.૪૦ બેઝીઝ પોઈન્ટનો ઘટાડો કર્યો છે.

આ બધાં સકારાત્મક પગલાં છતાં શેરબજારમાં સુધારાના કોઈ ચિહ્નો જણાતા નથી. બજાર તેજી - મંદી વાળાઓની રસ્સા ખેંચમાં રેન્જ બાઉન્ડ અથડાયા કરે છે.

આવા અનિશ્ચિતતા ભરેલા માહોલમાં સામાન્ય રોકાણકાર અસમંજસમાં અટવાતો રહ્યો છે. બજાર હાલ મંદીમાં ઘેરાયેલું છે અને કોરોના સંક્રમણનો હજુ ક્યારે અને કેવો અંત આવશે તે અંગે કોઈ અંદાજ નથી તેવામાં આગામી છથી ૧૨ માસ માટે અર્થતંત્રનું ભાવિ હજી ધૂંધળું ભાસી રહ્યું છે.

આ અનિર્ણાયક સ્થિતિમાં રોકાણ ક્યારે, કેટલું અને કઈ કંપનીમાં કરવું તે મોટો કોયડો બની ગયો છે. શેરબજારના અભ્યાસુ આર્થિક નિષ્ણાતોના મતે, જ્યારે ગામ વેચવાલી કરતું હોય ત્યારે સ્માર્ટ રોકાણકારે બ્લુચિપ શેરોમાં દરેક ઘટાડે તબક્કાવાર રોકાણ કરવું જોઈએ. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે જ્યારે બજારમાં આવી મોટી મંદીના આંચકા આવ્યા છે, તે પછીનાં છ માસથી બે વર્ષના ગાળામાં રોકાણકારોને ખૂબ તગડું રિટર્ન મળ્યું છે.સ્ટોક માર્કટમાં રોકાણ જોખમી છે, પરંતુ ભારત નાં રોકાણકારો હવે વધુ મેચ્યોર અને અભ્યાસુ બન્યા છે અને ભારતનું શેરબજાર પારદર્શી અને પરિપકવ બન્યું છે, છતાં પણ તમારી બચતનાં ફાજલ હિસ્સાનું જ બજારમાં રોકાણ કરો.

શેરમાં રોકાણ કરતાં પહેલાં કંપનીનો ઈતિહાસ, કામગીરી, બિઝનેસ મોડેલ, પ્રમોટરોની શાખ, ઊંચું હોલ્ડિંગ અને રોકાણકાર પ્રત્યે સાનુકૂળ અભિગમ, ઋણ મુક્ત, મજબૂત કેશ રિઝર્વ અને કેશ ફ્લો તથા માર્કેટ ફેન્સી ધરાવતાં ઊંચું ડિવિડન્ડ યિલ્ડ ધરાવતાં પ્રમાણમાં ડીફેન્સિવ અને આકર્ષક વળતર આપવાનો શાનદાર ટ્રેક રેકોર્ડ ધરાવતી કંપનીનાં શેરોમાં લાંબા સમય માટેનું રોકાણ કરી શકાય.

હાલની મંદી હજુ કેટલી લંબાશે અને વ્યાપક બનશે તેવા અનિશ્ચિતતાભર્યા માહોલમાં દરેક ઘટાડે બ્લૂચીપ શેરોમાં તબક્કાવાર ઈન્સ્ટોલમેન્ટ બેઝિઝ પ્રમાણે રોકાણ કરવાથી તમારા રોકાણનું જોખમ વહેંચાઈ જાય. જુદા જુદા સેકટરનાં સ્ટોકમાં રોકાણ કરવાથી પોર્ટફોલિયો ડાઈવર્સિફાઈડ બનશે અને તબક્કાવાર વિવિધ સેકટરની તેજીનો લાભ મળશે.

જે રોકાણકારો પાસે શેરબજાર અંગે પર્યાપ્ત જાણકારી નથી કે રોજબરોજના આર્થિક પ્રવાહોને ટ્રેક કરવા માટેનો સમય નથી તેવા રોકાણકારો સારા મ્યુચ્યુઅલ ફંડની આકર્ષક વળતર આપતી સ્કીમમાં વન ટાઈમ કે જીૅ એટલે કે સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન દ્વારા રોકાણ કરી શકે. ભૂતકાળના આંકડા પુરવાર કરે છે કે, મ્યુચ્યુઅલ ફંડમાં લાંબાગાળા માટે કરેલ રોકાણનું બેંક એફ.ડી. કરતાં વધુ ઊંચું વળતર મળ્યું છે.

રાતોરાત કરોડપતિ બની જવાનાં સપનાં બતાવનાર અણઘડ ટિપ્સ આપનારાથી દુર રહીને અને ઈન્ટ્રા ડે ટ્રેડિંગના રવાડે ચડ્યા વિના અભ્યાસુ આર્થિક નિષ્ણાતો કે અનુભવી પોર્ટફોલિયો મેનેજરની સલાહ પ્રમાણે ગણતરીપૂર્વક અને ધીરજ સાથે લાંબાગાળા માટે રોકાણ કરવામાં આવે તો અન્ય નાની બચત યોજનાઓની તુલનામાં તમારી પાસેના ફાજલ નાણાંનું ઊંચું વળતર મેળવી શકાય છે.

અલબત્ત, દરેક રોકાણકારે આપણા વડવાઓએ કહેલી અનુભવ વાણીને કાયમ માટે હ્રદયસ્થ રાખવી જોઈએ કે 'ગજા બહારનું સાહસ કરવું નહિ' અને 'ચાદર જેટલી જ સોડ તાણવી.' અસ્તુ...

# લોકડાઉન : ક્યા ખોયા? ક્યા પાયા?

નૈમિષ ત્રિવેદી

ચીનનાં વુહાન પ્રાંતમાંથી ઉદભવેલ અને સમગ્ર વિશ્વમાં ઝડપથી પ્રસરી રહેલા કોરાના નામનાં અતિ ચેપી વાયરસે ચીનનાં સીમાડા ઓળંગીને સમગ્ર વિશ્વમાં પોતાનો વિકરાળ પંજો પ્રસરાવતાં વિશ્વનાં તમામ દેશો આઘાત સાથે વેદનામાં સરી પડ્યાં છે. કોરાનાનાં ઉદભવ, લક્ષણો અને તેની ભયાનકતા અંગે વિશ્વને સજાગ અને સચેત કરવાને બદલે ચીન અને વિશ્વ આરોગ્ય સંસ્થાએ સેવેલી અક્ષમ્ય ચૂપકીદીને કારણે વિશ્વનાં અન્ય દેશો અગમચેતીનાં આવશ્યક પગલાં ભરે તે પહેલાં ચીનથી પેદા થયેલો આ ભયાનક વાઈરસ વિશ્વનાં મોટાભાગનાં દેશોમાં વ્યાપી ગયો.અમેરિકા, ફ્રાન્સ, ઈટાલી, જાપાન, જર્મની અને સ્પેન જેવાં અદ્યતન તબીબી સુવિધાઓ ધરાવતાં સંપન્ન દેશોએ આ વાઈરસને હળવાશથી લઈ તેની અવગણના કરતાં આ રોગથી સંક્રમિત દર્દીઓનો ગ્રાફ ખૂબ ઝડપથી વધવા માંડ્યો અને જોતજોતામાં સંક્રમિતો મૃત્યુના મુખમાં ધકેલાવા લાગ્યાં. આ તમામ ઘટનાક્રમનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી રહેલી ભારત સરકારે બોધપાઠ લેતાં આરંભમાં વિદેશથી આવતાં પ્રવાસીઓનું એરપોર્ટ પર થર્મલ સ્ક્રિનીંગ અને ત્યારબાદ વિદેશથી આવતી તમામ ફ્લાઈટો પર રોક લગાવીને તેને અંકુશમાં રાખવા સઘન પ્રયાસ કર્યાં, જેને લીધે ભારતમાં મહદઅંશે સ્થિતિ કાબૂમાં રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૨મી માર્ચે 'જનતા કરફ્યુ'અને ત્યારબાદ, ૨૫ માર્ચથી સંપૂર્ણ લોકડાઉનનો કઠોર અને સાહસિક નિર્ણય લીધો. ૧૩૫ કરોડની વિવિધતાભરી ગીચ વસ્તી ધરાવતા દેશમાં સંપૂર્ણ લોકડાઉનનો નિર્ણય લેવો જરાપણ આસાન નહોતો, પરંતુ કોરાના વાઈરસને પ્રસરતો અટકાવવા લોકડાઉન જ એકમાત્ર અસરકારક અને અક્સિર ઉપાય છે, જે લોકોને સમજાવવામાં સરકારની કામિયાબીથી લોકડાઉનનો સફળતાપૂર્વક અમલ થયો. ૨૫ માર્ચથી શરૃ થયેલ લોકડાઉન અને ત્યારબાદ અત્યારે અનલોકનો તબક્કો ચાલી રહ્યો છે.આ લાંબા લોકડાઉનને કારણે ભારતે ખૂબ મોટું આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે. છેલ્લાં થોડાં સમયથી વૈશ્વિક આર્થિક સ્લોડાઉનને કારણે મંદીનો સામનો કરી રહેલું ભારત તેમાંથી બહાર આવવા પ્રયત્નશીલ હતું ત્યારે જ કોરાનાના આ મહાસંકટે ભારતીય અર્થતંત્રને પડતાં પર પાટું માર્યું છે. હાલ દરેક પ્રકારની આર્થિક ગતિવિધિઓ લગભગ ઠપ્પ થઇ ગઇ છે. મેન્યુફેકચરીંગ, ટ્રાન્સપોર્ટેશન, હોટેલ, ટુરિઝમ, એવિએશન અને સર્વિસ સેક્ટરને મરણતોલ ફટકો પડ્યો છે. એક અંદાજ અનુસાર આ શટડાઉનનાં કારણે ભારતીય અર્થતંત્રને રોજનું અંદાજે રુપિયા ૩૨૦૦૦ કરોડથી વધુનું વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. લગભગ ૫૩ ટકા બિઝનેસને નોંધપાત્ર વિપરીત અસર થઇ છે. માલસામાનની સપ્લાઈચેન લગભગ ખોરવાઈ ગઈ છે. કામકાજ ઠપ્પ થઈ જતાં રોજ કમાઈને પેટીયું રળતાં અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકોની હાલત કફોડી થઇ ગઇ છે. દૂધ અને શાકભાજી જેવી ઝડપથી બગડી જાય તેવી પેદાશોના ઉત્પાદક ખેડૂતો સૌથી વધારે પ્રભાવિત થયા છે.

લાંબા ગાળાના સળંગ શટડાઉનને કારણે બેરોજગારીનાં પ્રમાણમાં તીવ્ર વધારો થયો છે. ઘણા માલિકોએ વર્તમાન ખર્ચને પહોંચી વળવા સ્ટાફ રિડક્શનની પ્રક્રિયા શરુ કરી દીધી છે. એક અભ્યાસ અનુસાર લોકડાઉનનાં કારણે ભારતમાં લગભગ ૧૪ કરોડ લોકો બેરોજગાર થવાનો ભય તોળાઇ રહ્યો છે. બેરોજગારીનો દર ઈતિહાસનાં સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો છે. હોટેલ, ટુરિઝમ અને એરલાઈન્સ જેવાં ઉદ્યોગો તો સંપૂર્ણ ઠપ્પ થઇ જતાં માલિકોએ સેલરી-કટનું હથિયાર ઉગામ્યું છે, જેના કારણે આવનારા દિવસોમાં માલિક-કર્મચારીઓ વચ્ચેનાં વિવાદો વિકરાળ સ્વરુપ ધારણ કરે એવા એંધાણ વર્તાઇ રહ્યા છે. જોકે, કેટલીક કંપનીઓએ વર્ક ફ્રોમ હોમનો કોન્સેપ્ટ અપનાવી પોતાનો વ્યવસાય થોડા-ઘણા અંશે ચાલુ રાખ્યો છે, તો ઘણી કંપનીઓએ પોતે નુકસાન ભોગવીને પણ પોતાના કર્મચારીઓની સેલરી કટ કરી નથી તે આવકારદાયક બાબત ગણી શકાય. તો કેટલીક કંપનીએ લોકડાઉનના સમયમાં કંપનીમાં રહીને કામ કરનારા કર્મચારીઓને પ્રોત્સાહનરૂપે બેથી ત્રણગણી સેલરી ઓફર કરી છે, ત્યારે કેટલીક કંપનીએ ઉચ્ચ લેવલના અધિકારીઓના પગારમાં કાપ મૂક્યો છે.

અર્થતંત્રની ગતિવિધિઓની રુકાવટની સૌથી વધુ પ્રતિકૂળ અસર પરપ્રાંતિય શ્રમિકો ઉપર થઇ છે. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને બિહાર જેવા અલ્પવિકસીત રાજ્યોમાંથી રોજી-રોટી રળવા આવા શ્રમિકો માદરે વતનથી દૂર ઔદ્યોગિક રીતે વિકસીત એવા મહારાષ્ટ્ર, ગુજરાત, પંજાબ, દિલ્હી જેવાં રાજ્યોમાં મોટી સંખ્યામાં વસવાટ કરે છે. અચાનક થયેલા શટડાઉનને કારણે રાતોરાત કામ ઠપ્પ થઇ જતાં તેઓ માટે પરિવારનો નિર્વાહ અત્યંત દુષ્કર થઇ જતાં, આ સંકટનાં સમયે માદરે વતનમાં સલામતી સાથે પરિવારની હૂંફની અપેક્ષાએ બાળ-બચ્ચાં સાથે વતન જવા માટે ચાલતાં કે સાઇકલ પર પ્રવાસનાં દર્દનાક દ્રશ્યો દરેક દેશવાસીને પીડાથી વિચલીત કરી રહ્યાં છે. સરકારે લોકડાઉન જાહેર કર્યા પછી બે જ દિવસમાં ગરીબ અને શ્રમજીવી વર્ગ માટે રુપિયા ૧.૭૦ લાખ કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું હતું, પરંતુ જાગૃતિના અભાવે સરકારી રેકોર્ડમાં નહિ નોંધાયેલા ઘણાબધાં શ્રમિક વર્ગ માટે તે પહોંચની બહાર રહ્યું છે. છેલ્લા થોડા દિવસથી સરકારે માનવીય ધોરણે શ્રમિકોને તબક્કાવાર તેમનાં વતન પહોંચાડવા માટે સ્પેશિયલ શ્રમિક ટ્રેનો દોડાવવાનું આયોજન કર્યું છે, પરંતુ વતનમાં જવા અધીરા થયેલાં શ્રમિકોની વિશાળ સંખ્યાના પ્રમાણમાં તે વામણું પૂરવાર થઇ રહ્યું છે.

લોકડાઉનની આટલી વિકરાળ અને વિપરીત અસરોની સાથે સમગ્ર ભારતવાસીઓ એ બાબતે ચોક્કસ આશ્વાસન લઈ શકે એમ છે કે પ્રથમ લોકડાઉન વખતે જ વડાપ્રધાન શ્રી મોદીએ આપેલો મંત્ર –'જાન હૈ તો જહાન હૈ' મહદઅંશે સફળ થયો છે. લોકડાઉનનાં કઠોર છતાં અનિવાર્ય પગલાંથી કોરાનાના સંક્રમણને ઘણેઅંશે સીમિત રાખવામાં આપણને સફળતા મળી છે. આજે પણ કોરાનાનું સંકટ ટળ્યું નથી, પરંતુ ભારત જેવા ગીચ અને વિશાળ વસ્તી ધરાવતા દેશમાં કોરાનાના વ્યાપને અમુક શહેરો પૂરતો મર્યાદિત રાખવમાં ભારત સફળ રહ્યું છે. લોકડાઉનનાં સમયગાળામાં દેશમાં મેડિકલ સંસાધનો, સુવિધાઓ, જરુરી ઈન્ફ્રાસ્ટ્રકચરનું આયોજન સફળતાપૂર્વક ઊભું કરવામાં આવ્યું. આ સમય દરમ્યાન દેશમાં હજારો કોવિડ ડેડિકેટેડ હોસ્પિટલ અને લાખોની સંખ્યામાં બેડ તૈયાર કરાયા, આ ઉપરાંત ઓક્સીજન ફેસીલીટી સાથે હજારો કોવિડ ડેડિકેટેડ હેલ્થ સેન્ટર અને લાખોની સંખ્યામાં વધુ આઈસોલેશન બેડની સુવિધા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત લાખો વધુ પીપીઈ રાજ્ય સરકારોને ફાળવવામાં આવ્યા છે. પ્રતિદિન ૩થી ૪ લાખ પીપીઈ ઉત્પાદનની કેપેસિટી સાથે કેટલીયે ઘરેલું ઉત્પાદકો હાલ કાર્યરત છે, જ્યારેકેટલીયે કંપનીઓ કોવિડ ટેસ્ટીંગ કિટનું પ્રોડકશન કરી રહી છે. આઈસીએમઆરનાં નિર્દેશો પ્રમાણે વેક્સિન માટે વ્યાપક સંશોધન અને પરિક્ષણો ચાલી રહ્યાં છે. સરકારે પ્રસ્તુત કરેલી આરોગ્ય સેતુ એપનો કરોડો લોકો ઉપયોગ કરી રહ્યાં છે.

લગભગ ૮૦ ટકા કેસો ફકત મહારાષ્ટ્ર, તામિલનાડુ, ગુજરાત, દિલ્હી અને મધ્યપ્રદેશ એમ પાંચ રાજ્યોમાં જ સીમિત થયેલાં છે, અને લગભગ ૯૦ ટકા કેસ ફકત ૧૦ રાજયોમાં કેન્દ્રીત થયેલાં છે. આની તુલનામાં ભારત સિવાયનાં ઘણાં દેશોમાં છેલ્લા બે માસમાં સંક્રમણનાં કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે.બોસ્ટન કન્સલ્ટીગ ગ્રુપ્સના રિસર્ચ રિપોર્ટ મુજબ લોકડાઉનનાં અમલીકરણને કારણે ૧.૨ લાખથી ૨.૧ લાખ લોકોની જિંદગી બચી છે. લોકડાઉનનાં અભાવમાં કોવિડ પ્રભાવિત કેસોની સંખ્યા ૩૬થી ૭૦ લાખ સુધી પહોંચી હોત. પબ્લીક હેલ્થ ફાઉન્ડેશનનાં અંદાજ અનુસાર લોકડાઉનનાં કારણે હજારો લોકોનાં જીવન બચાવી શકાયા છે.

આમ ભારત જેવાં વિશાળ અને ગીચ જનસંખ્યા તથા નબળી મેડિકલ સુવિધાઓ ધરાવતાં દેશમાં કોરાનાના સંક્રમિત દર્દીઓ અને મરણાંકને પ્રમાણમાં કાબૂમાં રાખીને ભારતે અર્થવ્યવસ્થાનાં ભોગે પોતાનાં નાગરિકોનાં જીવનને પ્રાધાન્ય આપ્યું તે સમગ્ર દેશવાસીઓ માટે ગૌરવપ્રદ અને સંતોષપ્રેરક બાબત છે. સર સલામત તો પઘડિયાં બહુત – એ ઉક્તિ અનુસાર જીવન હશે તો આવડત, પરિશ્રમ અને દ્રઢ મનોબળથી આર્થિક ઉન્નતિ અવશ્ય પ્રાપ્ત થશે... લેટ અસ હોપ ફોર બેટર ફ્યુચર...

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યુઝ ઓફ ગાંધીનગર (ધર્મ ,વિજ્ઞાન)

રસપાન (૧૭)

॥ सतरा ॥
हरिपाठकीर्ति मुखें जरी गाय । पवित्रचि होय देह त्याचा ॥१ ॥
तपाचे सामर्थ्ये तपिन्नला अमूप । चिरंजीव कल्प वैकुंठीं नांदे ॥२॥
मातृपितृभ्राता सगोत्र अपार । चतुर्भुज नर हो ?ऊनि ठेले ॥३ ॥
ज्ञान गूढ ग6य ज्ञानदेवा लाधलें । निवृ8ीनें दिले माझ्या हातीं ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ (૧૭)

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને કહે છે કે,"હે ભક્ત,જે માનવી હરિનામનો મહિમા અને હરિપાઠની મહત્તા લોકોને પ્રેમથી સમજાવે ને કહે છે ,તેનું શરીર તેના કારણે પવિત્ર હોય છે.તેઓને અત્યંત તીવ્ર તપ કર્યા બરોબર જ ફળ પ્રાપ્ત થાય છે."

માટે જ બીજા યોગાચરણ ,પ્રાણાયમ,ઉપવાસ, તીર્થયાત્રા જેવા તપ તેને કરવાની જરૂર નથી.★તેના નામના મહિમા ,કથામુળે તેનું પુણ્ય એટલું વધે છે તે ચિરંજીવ પદ પર સવાર થઈ સ્વર્ગમાં (વૈકુંઠ) આનંદથી રહે છે.આથી તેને એટલી ઉત્તમ ગતિ પણ પ્રાપ્ત થાય છે.

આમ હરિનામ સાથે તેના માતા પિતા તેના ભાઈ બંધુ ,તેના ગોત્ર અને અન્ય સર્વલોકોને ચારભૂજાવાળા શ્રી હરિ પ્રમાણે જ ચર્તુભુજ રૂપ પ્રાપ્ત થાય છે અને તે પણ સ્વર્ગમાં જઈ ને ચિરકાલ રૂપ રહે છે.

અંતે શ્રી જ્ઞાનદેવ કહે છે કે," હે ભક્ત, કેવળ નામસ્મરણ અને નામ મહિમાનું વર્ણન કરવાથી વૈકુઠમાં વાસ મળે છે,એ ગુઢ જ્ઞાન સાથે ગુરૂ તરફ વળવાનું જ્ઞાન પણ તેમને તેમના ગુરૂ નિવૃત્તિનાથે જ આપ્યું છે.તે પણ હાથ પર આંબળા રાખીએ, તેમજ અનુભવ પણ પ્રાપ્ત કરાવી ,તેમને અનુભવ તરફ વાળ્યા છે."

"આમ સાચું હરિનામ ને સાચું ગુરૂજ્ઞાન પ્રાપ્ત થાય છે તો તે ભક્ત ચિરંજીવ બની જાય છે."

અનુવાદ :જયશ્રી પટેલ ૩૦/૫/૨૦૨૦

---

રસપાન (૧૮)

॥ अठरा ॥
हरिवंशपुराण हरिनाम कीर्तन । हरिविण सौजन्य नेणें कांहीं ॥१ ॥
त्या नरा लाधलें वैकुंठ जोडलें । सकळ घडलें तीर्थाटन ॥२ ॥
मनोमार्गें गेला तो तेथे मुकला । हरिपाठीं स्थिरावला तोचि धन्य ॥३॥
ज्ञानदेवा गोडी हरिनामाची जोडी । रामकृष्णीं आवडि सर्वकाळ ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ (૧૮)

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને આ અભંગમાં પ્રભુની પસંદગી પર ને તેના ભાવ પર પ્રતિસાદ પાડતાં કહે છે," હે ભક્ત, જો હરિવંશપુરાણ વાંચે અને શ્રોતાને સંભળાવે,

જો હરિનામ યુક્ત હરિકથા કરે, કિર્તન કરે, જેને હરિ સિવાય અન્ય કંઈ જ પસંદ નથી, તે તન - મન અને વાચાથી હરિમય થયા છે,તેને સર્વ તીર્થયાત્રા કર્યાનું ફળ આપોઆપ મળે છે.

મનથી મનનો અભ્યાસ ન કરતા , તેની પર નિયત્રંણ ન રાખતા મન જ્યાં જવા માંગે અને જે વૃત્તીથી

વર્તે તે સ્વૈર પણે ભટકે તે આ આનંદ નથી ભોગવી શકતો અને વિષય (આશક્તિમાં) મગ્ન રહે છે.જે હરિપાઠના વાંચનથી મન દ્વારા સ્થિર હોય તે જ ધન્ય છે.

માનવી જીવન તો જ સાર્થક થશે જો હરિના નામની ગોડી(ધૂન) લાગશે.આ ધૂન એ જ જીવનની સફળતા.

શ્રી જ્ઞાનદેવ પોતાના વિષયે એવું કહે છે કે,"તેમને હરિના નામની મધુર મીઠી સોબત લાગવાને કારણે તેઓ સર્વકાળ તેમના મુખેથી હરિ એટલે કે રામકૃષ્ણનું નામ જ લે છે."

અનુવાદ : જયશ્રી પટેલ ૩૧/૫/૨૦૨૦

---

રસપાન (૧૯)

॥ एकोणीस ॥
वेदशास्त्रपुराण श्रुतिचे वचन । एक नारायण सार जप ॥१ ॥
जप तप कर्म हरिविण धर्म । वा ?उगाचि श्रम व्यर्थ जाय ॥२ ॥
हरिपाठीं गेले ते निवांतचि ठेले । भ्रमर गुंतले सुमनकळिकें ॥३ ॥
ज्ञानदेवां मंत्र हरिनामाचे शस्त्र । यमें कुळगोत्र वर्जियेले ॥४ ॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ (૧૯)

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તને કહે છે કે," હે ભક્ત, સર્વ વેદ અને શાસ્ત્રો નિશ્ચિત પણે કહે છે કે,"તેમા રચાયેલા સર્વ જ્ઞાનનો સાર તત્વ એક જ છે અને તે હે ભક્ત, નારાયણ! નારાયણ! આ નામના જપ કરવા.હરિની ભક્તિ વિના તેનાથી અનન્ય ભક્તિ બીજી કોઈ નથી.બીજી પૂજા કે પાઠ કરવા તે વ્યર્થ કષ્ટ કર્યા જેવું જ છે.

જપ,તપ,કર્મ ,ધર્મ, કડક નિયમો પાળવા..આ બધુ આ મનની ભક્તિ સિવાય કરવું એ બધો શ્રમ ફોકટ(વ્યર્થ) જવાનો જ છે.

શ્રી જ્ઞાનદેવ કહે છે કે," જેમ ભ્રમર હમેશાં ફૂલની આસપાસ મંડાયા કરે ને પછી તેના મધ ને પામે તેમ હરિનામ ને લઈ હરિની આસપાસ જ મન- ચિત્ત ને શરીર

દ્વારા જ હરિપાઠ તેના જ ગુણો પ્રમાણે ભજીએ કે સાંભળીએ તો તે નારાયણથી યુક્ત થઈ નારાયણને જ પામીએ."

"હરિનામ જ મારા માટે ઉત્તમ શસ્ત્ર છે જે મારા જીવનને પ્રભાવીત કરેછે."આમ કહી તેઓ ભક્તોને કહે છે કે," હે ભક્ત,આથી યમ મારાથી દુર રહે છે ,ડરે છે,

મૃત્યુ પણ ડરે છે." યમ તો એમ પણ કહે છે કે," કોણ આ જ્ઞાનેશ્વર છે? તેના નામનો ઉચ્ચાર પણ કરશો નહિ!તેના ગોત્ર માટે પણ બોલશો નહિ,તે જ્ઞાનેશ્વર મારા માટે વર્જ્ય છે."

આમ હરિપાઠના મહિમા બતાવતા શ્રી જ્ઞાનદેવ હરિનું નામ નારાયણ !નારાયણ !એ જ મોક્ષ છ એમ સમજાવે છે.

અનુવાદ : જયશ્રી પટેલ ૧/૬/૨૦૨૦

---

રસપાન (૨૦)

॥ विस ॥
नामसंकीर्तन वैष्णवांची जोडी । पापे अनंत कोडी गेली त्यांची ॥१ ॥
अनंत जन्मांचे तप एक नाम । सर्वमार्ग सुगम हरिपाठ ॥२ ॥
योग याग क्रिया धर्माधर्म माया । गेले ते विलया हरिपाठीं ॥३ ॥
ज्ञानदेवा यज्ञ याग क्रिया धर्म । हरिविण नेम नाहीं दुजा ॥४ ॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ (૨૦)

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને કહે છે," હે ભક્ત, નામ સાથે સાથે કીર્તન કરવા મળે એ જ વૈષ્ણવો માટે મોટુ પૂન્યનું કામ છે. હરિ માટેની એક સાધનાથી તેમની અનંત જન્મોના નાના પ્રકારના પાપ નષ્ટ થઈ જાય છે."

"હરિનું નામ સ્મરણ કરવું એ જ અનંત જન્મોમાં સર્વ ઉત્તમ સાધન છે.તેથી સર્વ મોક્ષમાર્ગ આ હરિપાઠ નો સરળ માર્ગ છે."

"હરિ પાઠને કારણે યોગ,યજ્ઞ, પૂજા કર્મ, ધર્મ અધર્મની ચિંતા,માયા વગેરે સર્વ વિચાર અનાવશ્યક ઠરે છે.સર્વ માસ(ખટપટ) નો વિલય(નાશ/લોપ) થાય છે.

શ્રી જ્ઞાનદેવ કહે છે કે," તેમના માટે તો એક હરિ જ સર્વ યજ્ઞ ,હોમ હવન કર્મ કરવાના સારભૂત (કારણભૂત) સાધન જ છે.આ બધાની હવે જરૂરિયાત રહી નથી."

મનુષ્યના અનેક જન્મ પછીજ ભક્તિ માર્ગનો લાભ મળે છે. તેને મોક્ષની ઈચ્છા અનેક જન્મોજન્મ સુધી ઉત્પન્ન થાય છે. હરિનામના ભાવના ભક્તિ લાગવીએ દુર્લભ જ છે અને ગુરૂની પ્રાપ્તિ ને તેની કૃપા આ બધી વાત દુર્લભ જ હોત.ગીતામાં કહ્યું છે કે व्हु ना जन्मना अंते ज्ञानवान मां प्रपद्यते ! (અનેક જન્મોજન્મ પછી જ્ઞાન

પ્રાપ્ત થઈને મનુષ્ય ભગવંતના શરણમાં જાય અને આવા મહાત્મા સુદુર્લભ જ હોય છે)

અનુવાદ :જયશ્રી પટેલ ૨/૬/૨૦૨૦

---

રસપાન(૨૧)

॥ एकविस ॥
काळ वेळ नाम उच्चारितां नाही । दोन्ही पक्ष पाहीं उद्धरती ॥१ ॥
रामकृष्ण नाम सर्व दोषां हरण । जडजीवां तारण हरि एक ॥२ ॥
हरिनाम सार जिव्हा या नामाची । उपमा त्या देवाची कोण वानी ॥३ ॥
ज्ञानदेवा सांग झाला हरिपाठ । पूर्वजां वैकुंठ-मार्ग सोपा ॥४ ॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ (૨૧)

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને કહે છે કે," હે ભક્ત,હરિના નામસ્મરણ કરવા માટે અને નામના ઉચ્ચાર કરવા માટે યોગ્ય ,સ્થળ,કાળ વગેરે જોવાની આવશ્યકતા (જરૂરિયાત) નથી. નામ જપવા સાથે માતાનું કુળ અને પિતાનું કુળ આમ બન્ને કુળોનો ઉધ્ધાર થાય છે ! શ્રાદ્ધ પક્ષ ઈત્યાદીથી પિતૃઓનો ઉધ્ધાર થાય છે.

સર્વને ખબર છે પણ જે કાર્ય તેનાથી સાધ્ય (સફળ) કરીએ તે કેવળ હરિનામથી પણ થાય છે એમ શ્રી જ્ઞાનદેવ સમજાવે છે.અહી પૂજા કરતા એક શ્લોક કહે છે..તે ગ્રહણ કરવા જેવો છે............??

यस्य स्मृत्या च नामोक्त्या तपः पूजा क्रियायि?? न्यू?? स6पूर्णता याती स????वन्दे तमच्युतम ॥(અર્થ - ★જેના સ્મરણથી અને નામના ઉચ્ચાર કરવાથી તપ,પૂજા, બીજા ધર્મ કર્મ એ જરા પણ સદોષ કે અપૂર્ણ હોય તો પૂર્ણ થઈ શકે છે.તેવા અચ્યુતમ નામના દેવને હું વંદન કરુ છું.)

નામથી બધા ધર્મ કાર્ય પૂર્ણ થાય છે.રામ અને કૃષ્ણ આ નામનો જપ કરવાથી સર્વ દોષનું હરણ(લોપ) થાય છે.હરિ જ બધા 'જડ' એટલે કે 'અજ્ઞ' (અજ્ઞાની ) જીવોનો તારક છે.જેની જીભ પર સતત આ સારરૂપ હરિનામ હશે.તેના ભાગ્યને સુદૈવાને કંઈ ઉપમા આપું અને તેના ભાગ્યના વખાણ (પ્રશંસા) પણ કેટલાં કરું?

અંતે શ્રી જ્ઞાનદેવ કહે છે કે ," હે ભક્ત,મે હરિપાઠની સાધના યથાયોગ્ય રીતે કરી છે,માટે મારા પૂર્વજ વૈકુંઠના માર્ગે સરળતા પૂર્વક ગયા છે."

અનુવાદ : જયશ્રી પટેલ ૩/૬/૨૦૨૦

---

રસપાન (૨૨)

॥ बाविस ॥
नित्यनेम नामीं ते प्राणी दुर्लभ । लक्ष्मीवल्लभ तयां जवळी ॥१ ॥
नारायण हरि नारायण हरि । भुक्ति मुक्ति चारी घरीं त्यांच्या ॥२ ॥
हरिविण जन्म नरकचि पैं जाणा । यमाचा पाहुणा प्राणि होय ॥३॥
ज्ञानदेव पुसे निवृ8ीसी चाड । गगनाहुनि वाड नाम आहे ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ? (૨૨)

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તને કહે છે કે," હે ભક્ત,જેના રોજના જીવનક્રમમાં હરિના નામનું સ્મરણ અતિશય નિયમિતપણે ચાલે તે લોક દુર્લભ જ હોય છે.લક્ષ્મીપતિ શ્રી વિષ્ણું તેમની પાસેજ હોય છે,તે ભગવાનની નજીક

વાસ કરે છે.જે લોકો નારાયણ હરિ.! નારાયણ હરિ!આ ઘોષ(નાદ) નિયમિત કરે છે તેના પોતાના ઘરે સર્વ વૈભવ

પ્રાપ્ત થાય છે અને ચારો મુક્તિ એટલે કે......

૧ ) સલોકતા(ઈશ્વર લોકમાં વાસ મળેતે)

૨ ) સમીપતા(ઈશ્વરનું સામીપ્ય મળેતે)

3) સરુપતા(ઈશ્વરમાં એકરુપતા) અને...

૪) સાયુજ્ય (ઈશ્વરનાં જીવોનું ઈશ્વર સાથે તાદાત્મ્ય થવું)( स+??रु =सा + युज्यता=હરિથી પૂર્ણ પણે જોડાણ હોવું)આ બધી સર્વશ્રેષ્ઠ મુક્તિ છે.

હરિભક્તિ વિનાની કેટલી પણ ઉપાસના (પૂજા / ભક્તિ)કરીએ તો માણસનો જન્મ એટલે નરકવાસ જ સમજવો. તે મનુષ્ય યમ પાસે જ જવાનો !

તેથી યમદેવ કહે છે કે ," હે ભક્ત, મે મારા ગુરુ નિવૃત્તિનાથ ને પૂછ્યું હતું કે," નામનો મહિમા કેટલો છે?

ગુરુએ મને જે ઉત્તર આપ્યો ને કહ્યો તે ભક્તો તમે પણ ગ્રહણ કરો..કે," નામની વ્યાપકતા આકાશથી પણ વ્યાપક (વિશાળ) છે ! માટે જ હરિનામ ,જપ, હરિના સ્મરણ પૂર્વક કરો,તે જ સર્વાત્કૃષ્ટ(બધાથી ઉચ્ચ) અને સરળ સાધન છે."

અનુવાદ : જયશ્રી પટેલ ૪/૬/૨૦૨૦

---

રસપાન(૨૩)

॥ तेविस ॥
सात पांच तीन दशकांचा मेळा । एक तश्र्वीं कळा दावी हरि ॥१ ॥
तैसें नव्हे नाम सर्वत्र वरीष्ठ। तेथें कांहीं कष्ट न लागती ॥२ ॥
अजपा जपणें उलट प्राणाचा । तेथेंहि मनाचा निर्धार असे ॥३ ॥
ज्ञानदेवा जिणें नामेंविण व्यर्थ । रामकृष्णीं पंथ क्रमियेला ॥४ ॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ (૨૩)

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને સૃષ્ટિના સાત તત્વો વિશે સમજાવે છે કે," સમષ્ટિમાં એકંદરે સાત તત્વો છે.(પંચમહાભૂત અને પ્રકૃતિ અને પુરૂષ) કોઈ કહે છે કે પંચતત્વ મળ્યા ને તેમાંથી સૃષ્ટિ નિર્માણ થઈ.કોઈ જીવ,જગત,અને જગદીશ આ ત્રણ તત્વો જ માને છે,કોઈ ત્રણ ગુણોનો(સત્ત્વ,રજ અને તમ)મેળો થાય એટલે સૃષ્ટિ

કહેવાય. કોઈ પંચમહાભૂત,મન,ચિત્ત,બુધ્ધિ,અંહકાર અને જીવાત્મા આ દશ તત્વોને માને છે.સાંખ્ય દર્શનમાં સાત+પાંચ+ત્રણ+દસ= પચ્ચીસ(૨૫) તત્વોની સૃષ્ટિ માનેલી છે.

શ્રી હરિના એકજ સ્વરૂપમાં આ સર્વ તત્વો સમાયેલા જ છે.(વિરાટ સ્વરૂપમાં)દેખાય છે.એટલી ગણત્રી કરી બેસવાની જરૂરિયાત નામ સ્મરણમાં લાગતી નથી.નામ સાધના સર્વ સાધનાથી ઉચ્ચ છે.તેના માટે કષ્ટ(મુશ્કેલી)

પડતી નથી.

શ્વાસ લેતા જ સો અને શ્વાસ છોડતા જ હમ★ આવા સૂક્ષ્મ ધ્વની કાને પડે છે.તેની પર અનુ સંધાન કરવું એટલે જપ ન કરતા એવો જપ ઘડાય છે.પણ આ સાધન(પ્રયોગ)કરતા જ મન બાહ્ય વિષયો તરફ ન જવા દેતા શ્વાસપર કેન્દ્રિત કરવાનો નિર્ધાર કરવો જોઈએ.શ્રી જ્ઞાનદેવ કહે છે કે "નામ વિના જીવવું વ્યર્થ છે!

શ્રી જ્ઞાનદેવ કહે છે," માટે હે ભક્ત, ભગવંત તરફ જવાનો માર્ગ એટલે જ રામ- કૃષ્ણનાં નામનો જપ !આજ માર્ગ મારા થકી અપનાવાયો છે."

અનુવાદ : જયશ્રી પટેલ ૫/૬/૨૦૨૦

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલ: જીજ્ઞા કપુરિયાં

વિભાગઃ બાળ વિભાગ
શીર્ષકઃ વૃક્ષ નુ મહત્વ(ગધ)

-વૃક્ષ ને આભાર, વૃક્ષ ને આભાર-
-વૃક્ષ રોપી જીવન કરો સાકાર-
-વૃક્ષ ને આભાર, વૃક્ષ ને આભાર-
-વૃક્ષ છે જીવવાનો આધાર -
-વૃક્ષ વાવો જીવન બચાવો-

પજૂન વૈશ્વિક પર્યાવરણ દિવસ છે છોડ પ્રત્યે ઉદાર અને સન્માનભર્યું વર્તન કરવું જોઈએ ગ્લોબલ વૉમિંગ અક મોટી સમસ્યા બનો ગઇ છે પર્યાવરણની કાળજી રાખવી જરૂરી છે એના માટે લોકો ને જાગૃત થવુ જોઈએ વૃક્ષ પ્રતી કરુણા દેખાડવી વૃક્ષ માટે મારી ઇચ્છા છે કે છોડ પ્રત્યે સારુ વર્તન રાખીએ એ પણ માનવ જાતીની જેમ કુદરત નો અગત્ય નો ભાગ છે

આજ ના આધુનિક કાળમાં માનવી ખુબ પ્રગતિ કરી રહ્યા છે નવા નવા આવિષ્કાર કરી રહ્યા છે મોટાપ્રમાણમાં ઈમારતો, ફેક્ટરી ઓ બાંધવામાં આવે છે જેને કારણે

મોટા પ્રમાણમાં વૃક્ષ કાપવામાં આવે છે

આપણા ભારતમા ફક્ત ૩૫ અરબ વૃક્ષ છે વૃક્ષ નુ પ્રમાણ ઓછું થવાને કારણે હવામાન માં કાર્બન ડાયોક્સાઇડ નુ પ્રમાણ વધે છે જેનુ પરીણામ વૈશ્વિક તાપમાન માં જોવા મળે છે.

ભારતમાં દર વર્ષે આશરે ૭૦,૦૦૦ વૃક્ષ કાપવામા આવે છે ખૂબ જ મહત્વની ઔષધો આપણ ને વૃક્ષ માંથી મળે છે. આજ ના યુગમાં અનેક વૃક્ષ વિલુપ્ત થાય છે. વૃક્ષ નુ ઓછું થવાનુ પરીણામ વરસાદ માં પણ થાય છે. કદાચ ભવિષ્યમાં એવું ન બને કે વૃક્ષો વિલુપ્ત થઇ જાય વૃક્ષ વીનાનુ જીવન ની કલ્પના પણ કરી ન શકાય. આપણે ફક્ત વૃક્ષ નથી કાપતા આપણે લાખો પક્ષી ઓના ઘરો પણ નષ્ટ કરી રહ્યા છે વાતાવરણમાંથી ઓક્સિજન પણ નષ્ટ કરી રહ્યા છે ★હે વૃક્ષરાજ તને આભાર

ડોડીયા ધાર્મિક (R.C. Patel High School)

---

બાળવિભાગ વિષયઃ વાર્તા
શીર્ષકઃવૃક્ષારોપણ

આ એક ઘણા સમય? પહેલાની? વાત ?છે.એક ચંપકવન નામનું જંગલ હતું. સિંહ? ત્યાં નો રાજા હતો. જંગલોને બચાવવા તેણે વૃક્ષારોપણ વિશે પ્રતિયોગિતા રાખવાનું વિચાર્યું .

સિંહે એક દિવસ દરેક પ્રાણીઓને બોલાવી પ્રતિયોગિતાની ઘોષણા કરી.સિંહે પ્રતિયોગિતા વિશે કહ્યું કે,"બધાં જ પ્રાણીઓએ પોતાની મનપસંદ જગ્યાએ વૃક્ષો લગાવવાના છે.છ મહિના પછી હું દરેકના વૃક્ષ ?જોઈશ.જેનુ પણ વૃક્ષ એકદમ? સ્વસ્થ અને તંદુરસ્ત હશે તેને ઈનામ ?આપવામાં આવશે".

દરેકે કહ્યું કે?,"આપણા જંગલમાં ?આટલા બધા વૃક્ષો છે તો પછી શું કામ વૃક્ષો ઉગાડવા?" સિંહે કહ્યું, "તમે બધા જ ઝાડ પરથી ફળ તોડીને ખાઓ છો,તે તમને ખોરાક રહેઠાણ આપે છે તો આપણી ભાવિ પેઢીને પણ આપણે વૃક્ષોની ભેટ આપવી જોઈએ."

જંગલમાં બધાએ વૃક્ષો ઉગાડ્યા,પરંતુ ગજ્જુએ વૃક્ષો ન ઉગાડયા.છ? મહિના પૂર્ણ થયા.બધા જ પ્રાણીઓ સિંહની ગુફા આગળ ઊભા ?હતા. બધા જ પાણીઓ ઉત્સુક હતાં? પરિણામ જાણવા.

સિંહે મોટા પથ્થર પર ઉભા રહીને બધા ને સંબોધિત કર્યા અને કહ્યું,"મારી તો ઈચ્છા હતી કે બધાને ઈનામ આપુ,પરંતુ ઈનામ તો એક ને મળે.આ ઈનામ? ગજ્જુને મળશે".ગજ્જુ નામ સાંભળીને બધા ચકિત થયા.

સિંહે કહ્યું, "તમે બધાએ વૃક્ષારોપણ માટે પોતાના ઘરની જગ્યા પસંદ કરી.ગજ્જુએ ચંપકવનમાં જે જગ્યાએ વૃક્ષો ન હતા.ત્યાં વૃક્ષો ઉપાડીને પડતર જમીનને ફળદ્રુપ બનાવી.આવા સારા વિચાર ને કારણે ઈનામ ગજ્જુને મળશે".બધાએ ગજ્જુને તાલીથી વધાવ્યો.

યશ્વી એસ. ખમાર
જય સોમનાથ શાળા અમદાવાદ...

---

વિભાગઃ બાળ વિભાગ
શીર્ષકઃ વૃક્ષારોપણ (પધ)

વૃક્ષ પ્રકૃતિ સુંદર અને કીમતી ભેટ છે. વૃક્ષો ઘરતી ની શોભા છે. વૃક્ષો આપણાં જીવનનું અસ્તિત્વ છે. કેમકે તે ઝેરી કાર્બન ડાયોક્સાઈડ ને શોષીને સ્વચ્છ ઓક્સિજન આપે છે. વૃક્ષો આપણાં શ્રેષ્ઠ મિત્રો છે. વૃક્ષો જાતજાતના મીઠા ફળો આપે છે. વૃક્ષો જમીનને ફળદ્રુપ બનાવવા મદદ કરે છે. વૃક્ષો ના મુળિયા જમીનનું ધોવાણ અટકાવે છે. કેટલાક વૃક્ષો ના મૂળિયાં અને પાંદડા ઔષધિ તરીકે વપરાય છે. વૃક્ષોની સિદ્ધાર્થ થવાના પશુઓ ખેડૂતો વિશ્રામ કરે છે. વૃક્ષો વરસાદ લાવવામાં મદદ કરે છે. વૃક્ષો આપણને મધ, લાખ ,ગુંદર, રબર, તેમજ કેટલાક ઔષધીય આપે છે. પોચું લાકડું કાગળ અને દિવાસળી બનાવવામાં વપરાય છે. ફર્નિચર, દરવાજા ,બારીઓ, વગેરે બનાવવા માટે આપણે વૃક્ષોમાંથી લાકડાનું મેળવીએ છીએ. વૃક્ષો નું લાકડું બળતણ માટે પણ વપરાય છે.? વૃક્ષોની ઘટાઓ માં પક્ષીઓ કિલ્લોલ કરે છે. વૃક્ષોની ડાળીઓ પર પક્ષી માળા બાંધે છે. વૃક્ષો તેના પર પથ્થર ફેકનારને પણ ફળો આપે છે. આમ,તે આપણને ઉપદેશ આપે છે કે આપણું બુરું કરનારનું પણ આપણે ભલું કરવું જોઈએ. અવાજ પ્રદૂષણ,પાણીનું પ્રદૂષણ, વાયુ પ્રદુષણ, અને જમીન પ્રદૂષણ, ઘટાડવા માટે વૃક્ષોનો નોધપાત્ર ફાળો છે. આપણે વૃક્ષો કાપવા જોઈએ નહીં. આપણે વધુ ને વધુ વૃક્ષો વાવવા જોઇએ.

જાનકી.અશ્વિન.ગોહિલ.
આર.સી.પટેલ.હાઇસ્કુલ મુંબઈ.

# મુખ્યમંત્રીએ જાહેર કરેલ વીજળીના ૧૦૦ યુનીટ માફ કરવાની જાહેરાત છેતરામણી:મહેશ રાજપૂત

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ શ્રી મહેશભાઈ રાજપૂતે જણાવ્યું છે કે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં જ જે વીજબીલમાંથી ૧૦૦ યુનીટ માફ કરવા જાહેરાત કરેલ છે તે બાબતે શ્રી રાજપૂતે જણાવ્યું છે કે હાલ ગરમીના દિવસો હોય ત્યારે મીનીમમ ૨૦૦ યુનીટથી ઉપર વીજ વપરાશ થતો હોય તો આમાં રાહતની વાત ક્યાં રહી ? લોકોને ભરમાવવાની જ આ વાત છે તેમજ શ્રી રાજપૂતે જણાવ્યું છે કે હાલમાં દરેક ગ્રાહકોને જેવા કે ૧-ફેસ કનેક્શન ધારકો ને બે માસે બિલ અપાતું હોય છે તેના બદલે આ સરકાર ૧૫ દિવસ મોડું બિલ આપી રહી છે તેથી વીજળી વપરાશકારના યુનીટ વધી જાય અને લોકોએ નવા બિલ મુજબના નાણા ચૂકવવા પડેતેવી ચાલ PGVCL દ્વારા ભાજપ સરકારે પ્રજા સાથે છેતરપિંડી કરી રહી છે આજ રીતે રેસિડેન્ટમાં ૩-ફેસ કનેક્શનના જે ગ્રાહકો છે તેઓને દર મહીને બિલ આપવાનું હોય છે તેના બદલે તેઓને એક સાથે અઢી માસનું બિલ આપવામાં આવ્યું છે જેથી યુનીટ વધી જાય અને ફિક્સ ચાર્જ , સરચાર્જ બધો વધી જાય અને લોકો પાસેથી જાજા નાણા પડાવી લેવાનું આ સરકાર વ્યવસ્થિત ગોઠવીને PGVCLનો ઉપયોગ કરી લોકોના ખિસ્સા ખંખેરવાનું કર્યું છે.

ભારત સરકારે જે રાહત પેકેજની જાહેરાત કરી છે તેમાં વીજ કંપનીઓને નુકશાન ન થાય તેવી રીતે અમુક રકમ ફાળવી છે તો આ રકમનો ઉપયોગ આ સરકાર ગ્રાહકોને સ્પષ્ટપણે ફાયદો ન થાય તેમજ વીજ કંપનીઓને ફાયદો થાય તેવી નીતિઓ અપનાવી અને જનતાને ઉંધા ચશ્માં પહેરાવી રહી છે જો સરકારે રાહત પેકેજમાં સહાય આપવી હોય તો રેસિડેન્ટ ગ્રાહકોને સીધા જ બિલના ૨૫%માં રાહત આપવી જોઈએ.

(વિરલ ભટ્ટ)

# કાંકરેજ પંથકમાં વાવાઝોડું અને ગાજવીજ સાથે વરસાદ

કાંકરેજ

આજરોજ કાંકરેજ તાલુકામાં બપોર પછી અચાનક વાતાવરણ માં પલટો આવતા ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ થયો હતો. બપોર ની અસહ્ય ગરમી અને બફારા બાદ વાતાવરણમાં એકાએક બદલાવ પછી ઠંડક પ્રસરી અને ગરમીમાં થોડા અંશે રાહત મળી હતી.

તો અત્યારે ખેતરમાં બાજરીનો પાક ઉભો છે.તો ઘણી જગ્યાએ બાજરી વાઢવી અને લણવાનું કામ ખેડૂતો દ્વારા કરવામાં આવી રહ્યું છે.જે વરસાદ ના કારણે બાજરીની ચાર અથવા પૂળા ભીંજાયા હતા.

### શહેરીજનોમાં જાગૃતિનો અભાવ

# મોડાસામાં શાકભાજી-ફ્રુટનું વેચાણ કરનારાઓ માસ્ક વગર જોવા મળી રહ્યા છે : સુપરસ્પ્રેડર બની શકે છે

અરવલ્લી બ્યુરો મોડાસા

લોકડાઉનના ચોથા તબક્કા બાદ રાજ્ય સરકાર દ્વારા કોરોના મહામારી વચ્ચે અનલોક-૧ અમલી બનાવી કેટલીક છુટછાટો સાથે બજારો પુનઃ ધમધમતા કરવામાં આવ્યા છે મોડાસા શહેરમાં ૪૧ લોકો કોરોનાગ્રસ્ત થયા છે જેમાં ૭ લોકોના મોત નિપજ્યા છે હાલ મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરો નગરજનોના માથે તોળાઈ રહ્યો છે ત્યારે મોડાસા શહેરમાં માસ્ક પહેર્યા વગર ફરતા વ્યક્તિઓ પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી મોડાસા પાલિકા દ્વારા ખાનાપૂર્તિ શરુ

શરૂ કરવામાં આવી છે બીજીબાજુ શહેરમાં "દિવા તળે અંધારું" જેવો ઘાટ સર્જાયો છે મોટા ભાગના ફેરિયાઓ, વેપારીઓ માસ્ક વગર જ વેપાર કરવા છતાં તેમની સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવે તે ખુબ જ જરૂરી છે

મોડાસા શહેરમાં મુખ્ય માર્ગો પર ફેરિયાઓ માસ્ક પહેર્યા વગર વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ કરતા હોવાથી શહેરીજનોમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે નગરપાલિકા તંત્ર અને આરોગ્ય વિભાગે માસ્ક પહેર્યા વગર વેચાણ કરનાર ફેરિયાઓ સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવે અને હેલ્થકાર્ડ ધારક ફેરિયાઓને જ વેચાણ કરવાની મંજૂરી આપવામાં આવે નહીતો આગામી સમયમાં કોરોના થી અનેક લોકો સંક્રમિત થવાનો ખતરો મંડરાઈ રહ્યો છે મોડાસા શહેરના ચાર રસ્તાથી મખદૂમ ચોકડી, ડીપ વિસ્તાર, મેઘરજ રોડ અને માલપુર રોડ પર શાકભાજી અને ફ્રૂટનું વેચાણ કરનારા ફેરિયાઓ,માલપુર રોડ પર સૌરાષ્ટ્રથી આવેલા કેસર કેરીના ટેમ્પો લઇ ઉભા રહેતા વેપારીઓ માસ્ક પહેર્યા વગર બિન્દાસ્ત ધંધો કરી રહ્યા છે આવા ફેરિયાઓ અને વેપારીઓ નગરજનો માટે સુપર સ્પ્રેડર બનતા કોઈ નહિ અટકાવી શકે નગરપાલિકા તંત્ર અને આરોગ્ય વિભાગે માસ્ક પહેર્યા વગર લોકોના



આરોગ્ય સાથે ચેડાં કરનાર શખ્શો સામે દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી જાગૃત નાગરિકોમાં માંગ પ્રબળ બની છે

કોરોના મહામારીને નાથવા માટે લોકડાઉન અમલી બનાવ્યા બાદ લોકડાઉનના ચાર તબક્કા પછી અર્થતંત્રને વેગવંતુ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કેટલીક છુટછાટો સાથે બજારોને ખુલ્લા કરાયા છે. જો કે કોરોના વાયરસનું સંક્રમણ અટકે અને મહામારી વકરે નહી તે માટે બજારોમાં ભીડ ન જામે અને સોશ્યલ ડીસ્ટન્સનું પાલન થાય તેમજ બજારમાં ખરીદી તેમજ કામકાજ અર્થે બહાર નીકળતા લોકો ફરજિયાત માસ્ક પહેરે તેવું સુચન કરવામાં આવ્યું છે. તેમ છતાં શહેરમાં ખરીદી કરવા ઉમટતી ભીડ પણ માસ્ક પહેર્યા વગર બિન્દાસ્ત ખરીદી કરતી અને બજારોમાં ટહેલતી જોવા મળી રહી છે વાહનચાલકો પણ માસ્ક પહેર્યા વગર ખુલ્લેઆમ નગરમાં ફરતા જોવા મળી રહ્યા છે

### મોડાસા રથયાત્રા ઉત્સવ સમિતિનો ઐતિહાસિક નિર્ણય

# ૩૮ મી રથયાત્રા મૌકૂફ,ભગવાન જગન્નાથ નગર ચર્ચાએ નહિ નીકળે



અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં કોરોનાએ કહેર મચાવ્યો છે જેની મંદિરો પર ખૂબ જ અસર પડી રહી છે.દેશમાં અને રાજ્યમાં નીકળનારી રથયાત્રા પર પણ કોરોનાની અસર જોવા મળી રહી છે. આ વર્ષે ૨૩ જૂનના રોજ ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળવાની છે. અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં દરવર્ષે ભગવાન જગન્નાથ યાત્રાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે જેમાં મોટી સંખ્યામાં ભક્તો ભગવાન જગન્નાથની રથયાત્રામાં જોડાતા હોય છે મોડાસા રથયાત્રા ઉતસ્વ સમિતિએ કોરોનાની મહામારીના પગલે ૩૭ વર્ષથી નીકળતી રથયાત્રા મૌકૂફ રાખવાનો નિર્ણય લીધો હતો નગરજનોએ અને પ્રશાસન તંત્રએ રથયાત્રા ઉત્સવ સમિતિના નિર્ણયની સરાહના કરી હતી . અરવલ્લી જિલ્લામાં ૧૨૫ અને મોડાસા શહેરમાં ૪૧ લોકો કોરોનાથી સંક્રમિત બનતા લોકોમાં કોરોનાનો ખોફ જોવા મળી રહ્યો છે મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ભય વચ્ચે મોડાસા શહેરમાં સતત ૩૭ વર્ષથી ભગવાન બાલકદાસજીના નિજમંદિરે થી નીકળતી ભવ્યાતિભવ્ય રથયાત્રામાં ખુદ ભગવાન જગન્નાથ દર્શન આપવા નીકળતા હોવાથી ભક્તો પણ આતુરતા પૂર્વક આવકારવા અનેરો ઉત્સાહ જોવા મળતો હોય છે ત્યારે મોડાસા શહેરમાં સતત કોરોનાના કેસ વધતા હોવાથી અષાઢી બીજે નીકળનારી ૩૮ મી રથયાત્રા અંગે રથયાત્રા ઉત્સવ સમિતિ મોડાસા દ્વારા સ્થગિત કરવામાં આવી છે અને આ અંગે સમિતિના સદસ્યોએ જીલ્લા કલેક્ટર અને ટાઉન પોલીસને આ અંગે લેખિતમાં જાણ કરી હતી રથયાત્રા ઉત્સવ સમિતિના નિર્ણયને શહેરીજનો અને વહીવટી તંત્રએ આવકાર્યો હતો

# વિશ્વ પર્યાવરણ દિવસ ૫ જૂને ગાયત્રી પરિવાર દ્વારા ઘેર ઘેર ઉજવણી

મોટી ઈસરોલ, તા.૫

પર્યાવરણ એ માનવમાત્રને માટે કુદરતની અનમોલ ભેટ છે. જેની જાળવણી કરવી એ મનુષ્યની ફરજ છે. ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે આપણા ભવિષ્યને પર્યાવરણના અસંતૂલનથી બચાવવા જન જાગૃતિ લાવવા યાદ કરાવવા માટે ખૂબજ અગત્યનો દિવસ છે. કારણ કે આપણું પર્યાવરણ સંતુલન ખોરવાય તો આપણે પણ જીવવાનું મુશ્કેલ બનતું જશે. મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા મળેલ જાણકારી અનુસાર મોડાસા ક્ષેત્રમાં હાલની પરિસ્થિતિ નિયમો અનુસાર સામુહિક કાર્યક્રમ સંભવ ન હોવાથી સોસીયલ મિડિયાના માધ્યમ દ્વારા મોડાસા તેમજ આસપાસના ગામોમાં સૌ ગાયત્રી ઉપાસકો દ્વારા આ વિશ્વ પર્યાવરણ દિવસ પર પોતાના ઘેર જ ઉજવણી કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું . જેમાં વાતાવરણને શુદ્ધિકરણ ( સેનેટાઈઝ) માટે યજ્ઞનું વૈજ્ઞાનિક મહત્વ સમજાવવા અને પોતાના તેમજ આસપાસના ઘરોમાં તુલસી વધુ વવાય તેમજ વૃક્ષોનું તરુમિત્ર અને તરુપુત્રની ભાવનાથી જતન કરતા રહેવા , સ્વચ્છતા વિગેરે પર્યાવરણ બચાવો આંદોલન સંદર્ભે જન જાગૃતિ લાવવા સોસીયલ મિડિયાના માધ્યમ દ્વારા



સૌ પોતાના સંપર્કમાં સૌને જાગૃતિ લાવવા વધુ પ્રયાસ કરવા સંકલ્પિત બન્યા . આજના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી મોડાસા તેમજ આસપાસના ૩૦ ગામોમાં ઘેર ઘેર પર્યાવરણ બચાવો આંદોલન અંતર્ગત જનજાગૃતિ વધુ તીવ્ર ગતિ લાવવા યજ્ઞ કરી સંકલ્પ લેવામાં આવ્યા.

પર્યાવરણ બચાવો આંદોલન અંતર્ગત અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ,હરિદ્વાર દ્વારા ભારતભરમાં વ્યાપ્ત ૫૫૦૦ કેન્દ્રો દ્વારા સતત આંદોલન ચલાવવામાં આવે છે. જે સંદર્ભે અનેક પહાડો પણ ગોદ લઈ હરિયાળી સ્થાપવા તેમજ અનેક સ્થળોએ પર્યાવરણ સંબંધી જાગૃતિ હેતુ સતત ટીમો કામ કરે છે. જે પૈકી અત્રે ઉલ્લેખનીય છે કે ગાયત્રી પરિવાર યુથ ગૃપ, કોલકત્તા દ્વારા ૨૦૧૦ થી પ્રત્યેક રવિવારે વૃક્ષારોપણ કરવામાં આવે છે, જે સંદર્ભે ૫૦૦ મો રવિવાર હમણાં ૩૧મે ના દિવસે ઉજવણી કરવામાં આવી હતી. ગાયત્રી પરિવાર વડોદરા યુથ ગૃપ દ્વારા છેલ્લા ૪ વર્ષથી પ્રત્યેક રવિવારે થઈ ૫૦૦૦ થી પણ વધુ વૃક્શારોપણ કરવામાં આવ્યું છે.

અમદાવાદ નરોડા જી આઈ ડી સી ખાતે પણ ગાયત્રી પરિવાર યુવા ટીમ દ્વારા ૧૦૦૦૦ વૃક્ષ તૈયાર કરવામાં આવેલ છે. મોડાસા ક્ષેત્રના ગામોમાં પણ ગત વર્ષે ૬૦ દિવસ વૃક્શારોપણ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આવા માનવમાત્રને માટે પર્યાવરણ બચાવવા ગાયત્રી પરિવાર દ્વારા અનેક પ્રયાસ ચાલી રહેલ છે.




**બનાસકાંઠા ના મુખ્ય મથક પાલનપુર શહેર સ્થિત બિયારણની એક એવી કંપની જેણે ભારતમાં સૌ પ્રથમવાર બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ખેડૂત ની પસંદગી કરી ભારતમાં સૌપ્રથમવાર કનવરજી વાઘનિયા નામના ખેડૂતની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ની પસંદગી થઈ બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત બનાસકાંઠાના ડીસા તાલુકાના રાણપુર ગામના એક ખેડૂત જેઓ ઓછી જમીન હોવાના નાતે શાકભાજીના ઉત્પાદન તરફ દોટ મૂકી અને ઓછા રોક?**

# માનસિક બીમાર યુવકે પથ્થરમારો કરી પોલીસકર્મીઓ સાથે ઝપાઝપી

### મોડાસા બસસ્ટેન્ડ પાસેની લીઓ પોલીસ ચોકી પર

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસાના જુના બસસ્ટેન્ડ નજીક આવેલ લીઓ પોલીસ ચોકી પર ગુરુવારના રોજ એક શખ્શે મારી વિરુધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કેમ લીધી છે તેમ કહી પોલીસ ચોકી ઉપર પથ્થરો ફેંક્યા હતા.પોલીસ ચોકી પર હાજર પોલીસ કર્મચારી તેમજ ટીઆરબી જવાનોએ તેને અટકાવવા જતા પોલીસ કર્મીઓ અને ટીઆરબી જવાનો સાથે ઝપાઝપી કરતા સમગ્ર વિસ્તારમાં અજંપાભરી સ્થિતિનું નિર્માણ થયું હતું પોલીસે યુવકને દબોચી લઈ ટાઉન પોલીસ મથકે લઈ જઈ પુછપરછ કર્યા બાદ તેના પરિવારને બોલાવ્યો હતો જેમાં પરિવારે યુવક માનસિક બીમાર હોવાથી ગેરવર્તણૂક કરી હોવાનું જણાવતા અને પોલીસને પણ યુવકની માનસિક સ્થિતિ સારી ન હોવાની જાણ થતા માનવતાવાદી અભિગમ દાખવી પરિવારજનોને સુપ્રત કર્યો હતો . મોડાસાના જુના બસ સ્ટેન્ડ નજીક આવેલ લીઓ પોલીસ ચોકી પર ગુરુવારે સાંજના સુમારે માનસિક બીમારી થી પીડાતા એક શખ્શે આવીને મારી ઉપર ફરિયાદ કેમ દાખલ કરી છે તેમ કહી નજીકમાં પડેલ પથ્થરો લઈ લિઓ પોલીસ ચોકી પર ઝીકતા પોલીસ ચોકી પર પથ્થરો ફેંકાતા શખ્શને ફરજ ઉપરના પોલીસકર્મી અને ટીઆરબી સ્ટાફે અટકાવતા તેમની સાથે મારામારી પર ઉતરી આવતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા આખરે પોલીસે યુવકની અટકાયત કરી ટાઉન પોલીસ મથકે લાવ્યા હતા. જ્યાં તેની પુછપરછ કરતાં તેણે પોતાનું નામ મહંમદ મજર મો.ફારૂક મીર્ઝા (રહે.આઈ.જી.બંગલોઝ, ભેરૂન્ડા રોડ, મોડાસા) હોવાનું જણાવ્યું હતું. જેને આધારે પરિવારને પોલીસ મથકે બોલાવતાં પરિવારે આ શખ્શ માનસીક બિમાર હોવાનું જણાવ્યું હતું અને તેની અમદાવાદ ખાતે સારવાર ચાલતી હોવાનું પણ જણાવ્યું હતું. પરિવારે આ શખ્શ હવે આવું કૃત્ય નહી કરે અને અમે તેની પુરેપુરી તકેદારી રાખીશું તેમ જણાવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી કરવાનું ટાળ્યું હોવાનું ફરજ પરના પીએસઓએ ટેલિફોનિક પૂછપરછમાં જણાવ્યું હતું

# ધનસુરા સહિત અરવલ્લી જિલ્લામાં મહિલાઓ દ્વારા ઠેર ઠેર વટ સાવિત્રી વ્રતની ઉમંગભેર ઉજવણી કરાઈ

મોટી ઈસરોલ, તા.૫

ધનસુરા તાલુકા અને સમગ્ર અરવલ્લી જિલ્લામાં વટ સાવિત્રી વ્રતની મહિલાઓ દ્વારા ઉમંગ -ઉતશ અને ભક્તિ-ભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી.પતિના લાંબા આયુષ્ય માટે મહિલાઓ વટ સાવિત્રી ના વ્રત ની પૂજા અર્ચના કરે છે.સત્યવાનનું અવસાન થતા તેને યમરાજ પાસેથી પાછો લાવવા સાવિત્રીએ વડની પૂજા અર્ચના કરી હતી.અને સાવિત્રી સત્યવાનને જીવીત પાછો લાવી હતી ત્યારથી મહિલાઓ ધ્વારા વટ સાવિત્રી ના વ્રત ની ઉજવણી કરવામાં આવે છે.ધનસુરા માં પણ મહિલાઓએ વટ સાવિત્રી ના વ્રત ની પૂજા કરી હતી.વહેલી સવારથી મહિલાઓએ વિવિધ મંદિર પરિસરમાં આવેલા વડના વૃક્ષની પૂજા કરી હતી.ધનસુરા માં આવેલા પૌરાણિક દેવીયા મહાદેવ ના મંદિરે મહિલાઓએ વડ ના વૃક્ષ ની પૂજા અર્ચના કરી હતી અને ભગવાન ના દર્શન પણ કર્યા હતા.જેમાં મહિલાઓ એ શ્રધ્ધા પૂર્વક ઉપવાસ કરીને વડ ના વૃક્ષની પૂજા કરી હતી.જેમાં મહિલાઓએ વડના વૃક્ષની સાત પરિક્રમા કરીને સૂતરના દોરા બાંધીને પૂજા અર્ચના કરી હતી.વટ સાવિત્રી ના વ્રત માં શ્રધ્ધા સાથે મીઠાઈ, ફળ વગેરે ની દક્ષિણા વડે સાવિત્રી ને આધ્ય આપવામાં આવે છે.સાથે મહિલા ઓ વટ સાવિત્રી ના વ્રત વખતે વડના વૃક્ષ નીચે બેસી સત્યવાન સાવિત્રી ની કથા સાંભળે છે.

# ભારત સરકારના કાપડ મંત્રાલયના પૂર્વ ડિરેકટર દ્વારા બનાસકાંઠાના વિવિધ કોરોના વૉરિયરસનું કરાયું સન્માન

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વિશ્વ,ભારત અને ગુજરાત મા કોરો ના હાહાકાર થી સરકાર અને આરોગ્ય વિભાગ તથા પોલીસ તંત્ર દ્વારા ખડે પગે રહી કોરો ના ને મહાત કરવા જંગ લડી રહેલા કોરોના વૉરિયરસ ની અથાક મહેનત થી પ્રભાવિત થઈ કેટલીય સેવાભાવી સંસ્થા ઓ અને વ્યક્તિઓ દ્વારા આવા કોરોના વાયરસ સામે પોતાની અને પરિવારની પરવા કર્યા વિના રાત દિવસ સુધી પોતાની કર્તવ્ય પર ફરજ બજાવતા જામબાજ કોરોના વૉરિયરસ નું સમ્માન ભારત સરકારના કાપડ મંત્રાલયના પૂર્વ ડિરેકટર વસંત ભાઈ આકેડીવાળા દ્વારા બનાસકાંઠા જિલ્લાના કલેકટર શ્રી,જિલ્લાના પોલીસ વડા, નાયબ પોલીસ અધિક્ષક, પાલનપુર મામલતદાર. વડગામ મામલતદાર,વડગામ પોલીસ સ્ટેશન ના પીએસ આઇ,વડગામ ગ્રામ પંચાયત ના સરપંચ,વડગામ



આરોગ્ય વિભાગ ના તાલુકા હેલ્થ ઓફિસર,વડગામ આયુર્વેદિક હોસ્પિટલ ડોક્ટર,વડગામ હેલ્થ ઓફિસર,તાલુકાના અને કોરોના કહેર વચ્ચે રહી મહા કવરેંજ કરી લોકો સુધી સાચી અને સચોટ માહિતી અપડેટ કરતા રહેલા પત્રકારો નું સન્માનિય સ્વાગત શાલ, મોમેન્ટ આપી વસંતભાઈ આકેડીવાળા દ્વારા કરવામાં આવ્યું હતું.બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ લોક ડાઉન ની પરિસ્થિતિમાં જ્યારે ગુજરાત રાજયના ડીજીપી દ્વારા લોકડાઉન નો લોકો દ્વારા કરાતા ભંગનું ડ્રોન કેમેરા દ્વારા કાવરેંજ કરવા આદેશ કરાયા હતા ત્યારે જિલ્લા ખાતે ડ્રોન કેમેરા દ્વારા જિલ્લામાં સજજડ લોક ડાઉન નું કાવરેંજ વસંત ભાઈ આકેડીવાળા દ્વારા નિશુલ સેવાઓ પણ આપી હતી.સાથે કોરોના વૉરિયરસ ની ભૂમિકા ની મુખ્ય દાતા દ્વારા આજે આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ સફાઈ કામદારો અને વહીવટી તંત્ર દ્વારા સેવા આપતા સેવાભાવી લોકોને કોરોના વૉરિયરસ તરીકે સન્માનિત કરી પોતાની જાતને ધન્યતા અનુભવી હતી

# સેલવાસમાં વડ સાવિત્રી વ્રત માટે મહિલાઓ વડની પૂજા કરી



સેલવાસમાં ગુજરાતી સમાજની મહિલાઓ દ્વારા જેઠ વદ પુનમના દિવસે વટ સાવિત્રી વ્રત નીમીતે મહિલાઓએ પોતાના પતિની લાંબી ઉમર માટે વડના ઝાડની પૂજા કરી હતી,સેલવાસના ગાયત્રી મંદિર નજીક,ઝંડાચોક નજીક કલેકટર કચેરી નજીક જેવા વિવિધ વિસ્તારમાં વડના ઝાડની પૂજા કરી,પોતાના પતિ અને પરિવારની સુરક્ષા માટેની પ્રાર્થના કરી સુતરની આટી ફેરવી ફળ અને ફૂલ અને સાડી અર્પણ કરી ઉપવાસ રાખી વ્રતની ઉજવણી કરી હતી,આ વ્રતનું મહત્વ એ છે કે શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ સતી સાવિત્રી પોતાના પતિ સત્યવાનને જયારે યમરાજ લેવા આવે છે,ત્યારે વડની પુજાના વ્રત પ્રભાવથી સતી સાવિત્રી પોતાના મૃત પતિ સત્યવાનને યમરાજ પાસેથી જીવતો પાછો મેળવે છે

હાલમા કોરોના વાયરસની મહામારીને ધ્યાનમા રાખી મહિલાઓએ મોઢા પર માસ્ક બાંધી સોસીયલ ડિસ્ટન્સ સાથે વડની પૂજા કરી હતી.

# ખોદ્યો પહાડ નીકળી ઉંદરડી? સરકારની ક્રૂર મજાક

કાલે ૨૦૦ યુનિટના વપરાશ કરતાં લોકોને ૧૦૦ યુનિટ ના રુ. બાદ આપવાની જાહેરાત આજે સુધારી અને ૧૦ યુનિટ સુધી ની નવી પ્રેસનોટ આવી ગઈ. કોઈપણ સામાન્ય પરિવાર ૨ બેડ હોલ કિચન ના ફલેટમાં રહેતો હોય તો સ્વાભાવિક છે લાઈટ પંખા ટીવી.... આ બધું ચાલુ હોય. તો તેનું ૨૦૦ યુનિટ ઉપર બિલ આવતું જ હોય લોકડાઉન દરમ્યાન ઘરે ને ઘરે રહેતા લોકોએ દરેક રૂમમાં લાઈટ પંખા ટીવી મોબાઈલનો વપરાશ વધારે કર્યો જ હોય આવા સંજોગોમાં મધ્યમ વર્ગને શું ફાયદો આપ્યો તે સરકાર ખુલીને જણાવે અને આ ૧૦ યુનિટ એટલે અંદાજિત ૫૦ રૂપિયા જેવો માંડ ફાયદો થાય. આભ ફાટ્યું હોય ત્યાં થીગડું દેવા જેવી વાત સરકાર કરે છે. હું તો એમ કહું છું કે ભલે ૪૦૦ યુનિટ બળે તમે ત્રણ મહિનાના ૨૦૦x૩=૬૦૦ યુનિટ બાદ આપો તો જ સીધી તેની અસર મધ્યમવર્ગને ફાયદારૂપ થાય. યુનિટ સિવાયના સરકારી અન્ય ટેક્ષ,ફયુઅલ ચાર્જ વિગેરે લગાડે છે તે બાદ થાય તો પણ મધ્યમ વર્ગને ઘણો ફાયદો થાય. સરકાર પાસે ખરેખર મધ્યમવર્ગને ફાયદો કરાવવા માટે યોગ્ય વિચાર સરણી નથી, અથવા લુચ્ચી બુદ્ધિના છે.અને જો પોતાની રીતે વિચારી ન શકે અને તેણે જો સલાહકારોન નીમ્યા હોય તો સલાહકારો નક્કી કરીને બેઠા હશે કે જાહેરાત કરવી પરંતુ તેનો કોઇ ફાયદો લોકોને થવો ન જોઈએ. થાય તો તેની માના સમ. એવું બને કે સલાહકારોને સરકારે આ સૂચનાઓ આપી હોય એ માત્ર જાહેરાત થવી જોઈએ કોઈને લાભ ન થવો જોઈએ. હું તો એક સામાન્ય નાગરિક છું અને મને આટલી જ સમજ પડે છે ક્ષતિ રહી હોય તો સુધારી અને જણાવશો. સરકાર ઉઘરાણા કરવામાં અવ્વલ નંબરે છે લોકો પાસે લેવું હોય તો કડકાઈથી તેનો અમલ કરાવે છે લાભ દેવાની વાત આવે ત્યાં કોણ જાણે કેમ પણ પરપીડન વૃત્તિ ઉજાગર થઇ જાય છે. :લોકહિત ન વિચારતા લોકો તમારું નખ્ખોદ જજો' આવા આંતરડી કકળવાનો અવાજ આવે તેની રાહ જોવો છો? તો સમજો તમારો આત્મા મરી ગયો છે.

વાત સાચી લાગે તો લોકો હ સમજાવો અને અંતર થી પોકાર પાડો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.